RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 091
Dt.: 05-02-2026,
Thursday
Page:04
Rs.00.50 paisa



## ગ્રીસમાં મોટી દુર્ઘટના: કોસ્ટ ગાર્ડના જહાજ અને પ્રવાસીઓની બોટ વચ્ચે ભીષણ ટક્કર, ૧૪ના મોત

**અત્યાર સુધીમાં દરિયામાંથી ૨૪ પ્રવાસીઓને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે, આ અકસ્માતમાં કોસ્ટ ગાર્ડના બે અધિકારીઓ પણ ઘાયલ થયા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ગ્રીસના એજિયન સાગરમાં એક અત્યંત કરુણ દુર્ઘટના સર્જાઈ છે, જેમાં ગ્રીક કોસ્ટ ગાર્ડના જહાજ અને સ્થળાંતર કરનારાઓની બોટ વચ્ચે થયેલી જોરદાર ટક્કરમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. ગ્રીસના એજિયન સાગરમાં આવેલા ચિઓસ ટાપુ પાસે મંગળવારે એક મોટી દુર્ઘટના ઘટી હતી. તૂર્કિયેના કિનારેથી શરણાર્થીઓને લઈને આવી રહેલી એક નાની બોટ અને ગ્રીક કોસ્ટ ગાર્ડના પેટ્રોલિંગ જહાજ વચ્ચે થયેલી અથડામણમાં ઓછામાં ઓછા ૧૪ પ્રવાસીઓના મોત થયા છે. આ ઘટના બાદ દરિયામાં મોટા પાયે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.કોસ્ટ ગાર્ડના અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ઘટના ત્યારે બની જ્યારે તેમણે ચિઓસ ટાપુ તરફ આગળ વધી રહેલી એક શંકાસ્પદ બોટને જોઈ અને તેને પાછા ફરવાની સૂચના આપી હતી. અધિકારીઓનો દાવો છે કે માનવ તસ્કરોએ જાણીજોઈને બોટને કોસ્ટ ગાર્ડના જહાજ તરફ વાળી દીધી હતી, જેના કારણે આ ભીષણ ટક્કર થઈ હતી. જોકે, ટક્કર પાછળનું વાસ્તવિક કારણ શું હતું તેની સ્વતંત્ર રીતે પુષ્ટિ થવાની બાકી છે.અત્યાર સુધીમાં દરિયામાંથી ૨૪ પ્રવાસીઓને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે. આ અકસ્માતમાં કોસ્ટ ગાર્ડના બે અધિકારીઓ પણ ઘાયલ થયા છે, જેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બોટમાં સવાર શરણાર્થીઓ કયા દેશના નાગરિક છે તેની ઓળખ હજુ સુધી થઈ શકી નથી.પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, નાની બોટમાં આશરે ૩૦ થી ૩૫ લોકો સવાર હતા. હાલમાં લાપતા લોકોની શોધ માટે વ્યાપક સર્ચ અને રેસ્ક્યુ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. આ કામગીરીમાં કોસ્ટ ગાર્ડના જહાજોની સાથે ખાનગી નૌકાઓ અને વ્યાવસાયિક ગોતાખોરોની મદદ લેવામાં આવી રહી છે.



બેન્ચે અરજદારોને તેમની અરજીઓ પાછી ખેંચવાની મંજૂરી આપી

## ક્રિકેટની સંસ્થાઓમાં પૂર્વ ક્રિકેટરો જ હોવા જોઈએ: સુપ્રીમ

**બેટ પકડતા ના આવડતું હોય તેવા લોકોને ક્રિકેટ સંસ્થાઓમાં નિમવા સામે સુપ્રીમે નારાજગી વ્યક્ત કરી**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે રમતગમતની સંસ્થાઓનું સંચાલન બિન-નિષ્ણાતો દ્વારા કરવા અંગે મંગળવારે નારાજગી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે ક્રિકેટ એસોસિએશનોનું નેતૃત્વ નિવૃત્ત ક્રિકેટરો દ્વારા થવું જોઈએ, નહીં કે એવા વ્યક્તિઓ દ્વારા કે જેઓ “બેટ કેવી રીતે પકડવું તે પણ જાણતા નથી”.ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચી તથા જસ્ટિસ વિપુલ એમ. પંચોલીની બેન્ચે બોમ્બે હાઈકોર્ટના એ આદેશમાં ફેરફાર કરવાનો ઈનકાર કર્યો હતો, જેમાં કોર્ટે “ભાઈ-ભત્રીજાવાદ અને પક્ષપાત”ના આરોપોને ટાંકીને 6 જાન્યુઆરીએ યોજાનારી મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન (MCA)ની ચૂંટણી પર સ્ટે આપ્યો હતો.બેન્ચ MCA દ્વારા હાઈકોર્ટના આદેશ વિરુદ્ધ દાખલ કરાયેલી અરજીઓ સહિતની અરજીઓ પર સુનાવણી કરીને આ અવલોકન આપ્યું હતું. સીજીઆઈ એ કાર્યવાહી દરમિયાન MCAના સભ્યપદમાં થયેલા અચાનક વધારા અંગે સવાલ ઉઠાવ્યા હતા. રેકોર્ડ્સ તરફ ધ્યાન દોરતા બેન્ચે નોંધ્યું હતું કે એસોસિએશનમાં 1986થી 2023 વચ્ચે 164 સભ્યો હતા, પરંતુ ત્યારબાદ તરત જ નવા સભ્યોનો મોટો ધસારો જોવા મળ્યો હતો. સીજીઆઈએ આ મામલે અકળાઈને સવાલ કર્યો કે, “1986થી 2023 સુધી તમારી પાસે 164 સભ્યો હતા અને 2023 પછી તમે બમ્પર ડ્રો કર્યો?”ચીફ જસ્ટિસે ભારપૂર્વક જણાવ્યું હતું કે જો એસોસિએશન તેના સભ્યપદને 300 સુધી વધારવા માંગતું હોય, તો તે જગ્યાઓ પ્રખ્યાત, નિવૃત્ત આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ માટે અનામત રાખવી જોઈએ. “આ એવો દેશ છે જ્યાં ઉત્કૃષ્ટ ક્રિકેટરો છે; જેઓ નિવૃત્ત થયા છે તેઓ શ્રેષ્ઠ હતા,” તેમણે ઉમેર્યું, “તમે કોને લાવી રહ્યા છો? એવા લોકો કે જેઓ રમત પણ જાણતા નથી... બેટ કેવી રીતે પકડવું તે પણ જાણતા નથી. જે કંઈ થઈ રહ્યું છે તેના પર અમને વધુ લાગણીઓ વ્યક્ત કરવા મજબૂર ન કરો.” સીજીઆઈએ વધુમાં નોંધ્યું હતું કે રમતગમત સંગઠનો ખેલાડીઓને કારણે અસ્તિત્વ ધરાવે છે, વહીવટદારોને કારણે નહીં. “ક્રિકેટ સત્તાવાળાઓને કારણે નથી, તે ક્રિકેટરોને કારણે છે. હોકી એસોસિએશન હોકી ખેલાડીઓને કારણે ઓળખાય છે. તેમને ઓછામાં ઓછું આટલું સન્માન તો આપવું જ જોઈએ.” ભૂતપૂર્વ ક્રિકેટર અને ભાજપ નેતા કેદાર જાધવે બોમ્બે હાઈકોર્ટનો સંપર્ક કરતાં કાયદાકીય લડાઈ શરૂ થઈ હતી. જાધવે આક્ષેપ કર્યો હતો કે લગભગ 401 સભ્યોના અચાનક ઉમેરા દ્વારા મતદાર યાદીમાં “ગેરરીતિ” કરવામાં આવી રહી છે. જાધવની અરજી મુજબ, નવા સામેલ થયેલા ઘણા સભ્યો NCP (શરદ પવાર)ના ધારાસભ્ય રોહિત પવારના નજીકના સંબંધીઓ અથવા વ્યવસાયિક ભાગીદારો છે. બેન્ચે અરજદારોને તેમની અરજીઓ પાછી ખેંચવાની મંજૂરી આપી અને તેમને તેમની તમામ દલીલો બોમ્બે હાઈકોર્ટ સમક્ષ રજૂ કરવા નિર્દેશ આપ્યો હતો. બુધવારે આ મામલે સુનાવણી થવાની છે.



## ઓનલાઈન ગેમની લત: ગાઝિયાબાદની ૩ સગી બહેનોની ૯મા માળેથી મોતની છલાંગ

**પ્રાથમિક તપાસમાં આ ભયાનક પગલા પાછળ ઓનલાઈન કોરિયન લવ ગેમની લત હોવાનું બહાર આવ્યું છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાઝિયાબાદ

ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં ત્રણ સગીર સગી બહેનોએ નવમા માળેથી કૂદીને આત્મહત્યા કરી લીધી છે. પ્રાથમિક તપાસમાં આ ભયાનક પગલા પાછળ ઓનલાઈન કોરિયન લવ ગેમની લત હોવાનું બહાર આવ્યું છે.ગાઝિયાબાદના ટીલા મોડ વિસ્તારની ભારત સિટી સોસાયટીમાં રહેતા ચેતન કુમારની ત્રણ દીકરીઓ - નિશિકા (૧૬ વર્ષ), પ્રાચી (૧૪ વર્ષ) અને પાખી (૧૨ વર્ષ) એ એકસાથે આત્મહત્યા કરી લેતા સમગ્ર વિસ્તારમાં સન્નાટો છવાઈ ગયો છે. પોલીસના જણાવ્યા મુજબ, કોરોના કાળ દરમિયાન આ ત્રણેય બહેનોને મોબાઈલ ગેમની લત લાગી હતી. તેઓ નિયમિત સ્કૂલે પણ જતી નહોતી અને પોતાનો મોટાભાગનો સમય મોબાઈલ સ્ક્રીન પાછળ વિતાવતી હતી.પરિવારના સભ્યોના જણાવ્યા અનુસાર, આ બહેનો ઓનલાઈન ટાસ્ક-બેઝ્ડ ગેમ્સ રમતી હતી.

મંગળવારે મધરાત્રે આશરે ૨ વાગ્યે જ્યારે આખું શહેર ઊંઘતું હતું, ત્યારે આ ત્રણેય બહેનોએ તેમના ફ્લેટની ગેલેરીમાંથી એકસાથે છલાંગ લગાવી દીધી હતી. તેમના પિતા ચેતન કુમાર હાલ આઘાતમાં છે અને કંઈ પણ બોલી શકવાની સ્થિતિમાં નથી.પોલીસે આ મામલે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. પોલીસ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે શું આ ગેમમાં તેમને આત્મહત્યા કરવા માટે કોઈ ચોક્કસ ‘ટાસ્ક’ આપવામાં આવ્યો હતો કે કેમ. આ ઘટના ફરી એકવાર વાલીઓ માટે લાલબત્તી સમાન છે કે તેઓ પોતાના બાળકોના મોબાઈલ વપરાશ અને ઓનલાઈન પ્રવૃત્તિઓ પર કડક નજર રાખે.

રાષ્ટ્પતિ શાસન હટ્યા બાદ રાજ્યપાલે લેવડાવ્યા શપથ

## યુમનામ ખેમચંદ સિંહ બન્યા મણિપુરના નવા મુખ્યમંત્રી

**કેન્દ્રીય ગૃહ મંત્રાલયે સત્તાવાર નોટિફિકેશન બહાર પાડીને રાજ્યમાંથી રાષ્ટ્રપતિ શાસન હટાવવાની જાહેરાત કરી હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)મણિપુર

મણિપુરમાં લાંબા સમય બાદ ફરી એકવાર લોકશાહી શાસનનો સૂર્યોદય થયો છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે બુધવારે સત્તાવાર નોટિફિકેશન બહાર પાડીને રાજ્યમાંથી રાષ્ટ્રપતિ શાસન હટાવવાની જાહેરાત કરી છે. આ આદેશ સાથે જ રાજ્યમાં લગભગ એક વર્ષથી ચાલી રહેલા કેન્દ્રીય શાસનનો અંત આવ્યો છે. બીજી તરફ એનડીએએ મણિપુરમાં સરકાર બનાવી છે. લોકભવન ખાતે મણિપુર વિધાનસભા પક્ષના નેતા યુમનામ ખેમચંદ સિંહે રાજ્યના મુખ્યમંત્રી પદના શપથ લીધા હતા. મણિપુરના રાજ્યપાલ અજય ભલ્લાએ શપથ લેવડાવ્યા.

ગૃહ મંત્રાલયે આ મામલે બુધવારે (૪ ફેબ્રુઆરી) સત્તાવાર નોટિફિકેશન બહાર પાડીને જાહેરાત કરી છે. આ નિર્ણય આજ ૪ ફેબ્રુઆરી ૨૦૨૬થી લાગુ થશે. નોટિફિકેશનના અનુસાર, બંધારણના અનુચ્છેદ ૩૫૬ની કલમ (૨)ના હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને મણિપુર રાજ્યમાં ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ લાદવામાં આવેલા રાષ્ટ્રપતિ શાસનની ઘોષણાને રદ કરી છે. આ આદેશ સાથે રાજ્યમાં કેન્દ્રીય શાસનની વ્યવસ્થાનો અંત આવ્યો છે. બીજી તરફ યુમનામ ખેમચંદ સિંહના નેતૃત્વમાં દ્રઢ્છ પ્રતિનિધિમંડળે લોકભવનમાં રાજ્યપાલ અજય કુમાર ભલ્લાને મળ્યા અને સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો હતો.

ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, બંધારણના અનુચ્છેદ ૩૫૬ની કલમ (૨) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૫થી લાદવામાં આવેલું રાષ્ટ્રપતિ શાસન રદ કરવામાં આવ્યું છે. આ જાહેરાત બાદ તરત જ યુમનામ ખેમચંદ સિંહના નેતૃત્વમાં દ્રઢ્છના પ્રતિનિધિમંડળે રાજ્યપાલ અજય કુમાર ભલ્લા સાથે મુલાકાત કરી હતી અને સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો હતો.NDA ધારાસભ્ય દળના નેતા તરીકે ચૂંટાયેલા યુમનામ ખેમચંદ સિંહ(મેતૈઈ સમુદાય) આજે સાંજે ૬:૦૦ વાગ્યે મણિપુરના નવા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. આ શપથગ્રહણ સમારોહ લોક ભવન ખાતે યોજાયા. તેમની સાથે અન્ય પાંચ મંત્રીઓ પણ શપથ લે તેવી શક્યતા છે, જેમાં બે નાયબ મુખ્યમંત્રીઓનો સમાવેશ થાય છે:

- નેમચા કિપગેન: નાયબ મુખ્યમંત્રી (કુકી સમુદાય)
- લોસી દિખો: નાયબ મુખ્યમંત્રી (નાગા સમુદાય)

નવા મંત્રીમંડળમાં મેતૈઈ, કુકી અને નાગા એમ ત્રણેય સમુદાયોને પ્રતિનિધિત્વ આપીને રાજ્યમાં શાંતિ સ્થાપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

યુમનામ ખેમચંદ સિંહ મણિપુર ભાજપના વરિષ્ઠ અને અનુભવી નેતા છે. તેઓ વર્ષ ૨૦૧૭ અને ૨૦૨૨માં સિંગજામેઈ બેઠક પરથી ધારાસભ્ય પદે સતત બે વાર ચૂંટાયા છે.

## પુસ્તકો પર વિવાદ: વિપક્ષી સભ્યો બેનરો સાથે વેલમાં ધસી આવ્યા: હોબાળા બાદ સંસદની કાર્યવાહી સ્થગિત

**સ્પીકર ઓમ બિરલાએ વિપક્ષના હોબાળા પર નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે, ‘વિરોધનો એક રસ્તો હોય છે, તે શબ્દો અને તર્કોથી થાય છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સંસદમાં ચાલી રહેલા બજેટ સત્રમાં છેલ્લા ત્રણ દિવસથી ભારે હોબાળો ચાલી રહ્યો હોવાના કારણે હજુ પણ રાષ્ટ્રપતિના અભિભાષણ પણ ચર્ચા શરૂ થઈ શકી ન હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સાંજે ૫.૦૦ કલાકે અભિભાષણ પર ચર્ચા કરવાના હતા, જોકે વિપક્ષ દ્વારા સતત હોબાળો થવાના કારણે વડાપ્રધાનનું સંબોધન ટળી ગયું હતું. આ સાથે પીઠાસીન અધિકારી સંધ્યા રાયે કાર્યવાહી આવતીકાલ સુધી સ્થગિત કરી દીધી છે.

પીઠાસીન અધિકારી સંધ્યા રાયે સાંજે ૫ વાગ્યે જ્યારે ગૃહ શરૂ કર્યું ત્યારે વિપક્ષી સભ્યો બેનરો સાથે વેલમાં ધસી આવ્યા હતા અને સૂત્રોચ્ચાર શરૂ કર્યા હતા. અગાઉ, બીજેપી સાંસદ નિશિકાંત દુબેએ નહેરુ પરિવાર પર નિશાન સાધતા અનેક પુસ્તકો લહેરાવ્યા હતા. તેમણે કહ્યું કે, ‘હું એવા પુસ્તકો વિશે વાત કરવા માંગુ છું જે નહેરુ પરિવારની ગદ્દારી, મક્કારી અને ભ્રષ્ટાચારના કિસ્સાઓથી ભરેલા છે.’ તેમણે એડવિના-નહેરુના કિસ્સાઓ, સોનિયા ગાંધીના ૧૦ વર્ષના શાસન અને ઈન્દિરા ગાંધી પરના પુસ્તકો બતાવ્યા હતા. આ દરમિયાન વિપક્ષી સભ્યોએ પીઠાસીન અધિકારી તરફ કાગળના ટુકડા ફેંક્યા હતા.

સ્પીકર ઓમ બિરલાએ વિપક્ષના હોબાળા પર નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે, ‘વિરોધનો એક રસ્તો હોય છે, તે શબ્દો અને તર્કોથી થાય છે. તમે શાસનને મજબૂર ન કરી શકો. સભાગૃહનું જેટલું અપમાન કરશો, તે દેશ જોઈ રહ્યો છે.’

રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ લોકસભામાં નિશિકાંત દુબે દ્વારા પુસ્તકો લહેરાવવાના મુદ્દે ટીકા કરતા કહ્યું કે, ‘બીજા ગૃહમાં દેશના નિર્માણમાં યોગદાન આપનારા મહાન નેતાઓની નિંદા કરવામાં આવી છે, પુસ્તકો બતાવવામાં આવ્યા છે, અમે તેની નિંદા કરીએ છીએ.’ ખડગેએ ભાજપ પર ખોટી રાજનીતિનો આરોપ લગાવતા કહ્યું કે, ‘ભાજપના પ્રવક્તા બનવાની લાયકાત જ એ છે કે કોણ કયા વર્ગ વિરુદ્ધ કેટલું ઝેર ઓકી શકે છે.’ તેમણે પીએમ મોદી પર કટાક્ષ કરતા ઉમેર્યું કે, ‘વાસ્કો ડી ગામાના પ્રવાસ સમયનો ઉલ્લેખ કરતા કહ્યું કે, આપણા વડાપ્રધાનને મણિપુર પહોંચતા બે વર્ષ લાગી ગયા.’

ખડગેએ વધુમાં આરોપ લગાવ્યો કે, ‘મહિલાઓને માત્ર વોટબેંક તરીકે ઉપયોગમાં લેવાય છે. સંઘ કે ભાજપે ૧૦૦ વર્ષમાં ક્યારેય કોઈ મહિલાને નેતૃત્વ આપ્યું નથી.’ જેપી નડ્ડાએ ખડગેના નિવેદન પર વળતો પ્રહાર કરતા કહ્યું કે, ‘તમે બીજા ગૃહની વાત અહીં ન કરી શકો, તે રેકોર્ડ પર જશે નહીં.’ ત્યારબાદ કોંગ્રેસના સભ્યોએ વોકઆઉટ કર્યો હતો.

રાહુલ ગાંધીએ જનરલ નરવણેના પુસ્તકનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ‘પુસ્તકમાં લખ્યું છે કે પીએમ મોદીએ સંરક્ષણ મંત્રીને કહ્યું કે જે યોગ્ય લાગે તે કરો. મને નથી લાગતું કે વડાપ્રધાન આજે સંસદમાં આવવાની હિંમત કરી શકશે.’ વધુમાં, લોકસભા સ્પીકરની ઓફિસમાં પણ સત્તાધારી અને વિરોધ પક્ષના સભ્યો વચ્ચે પુસ્તકોને લઈને ઉગ્ર દલીલો થઈ હતી, જેનો વીડિયો પણ સામે આવ્યો છે.

## ફડણવીસને NCPના વિલય પર બોલવાનો અધિકાર નથી: શરદ પવારનું સૂચક નિવેદન

**બારામતીમાં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં તેમણે કૌટુંબિક અને રાજકીય મુદ્દાઓ પર ખુલીને વાત કરી હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)બારામતી

મહારાષ્ટ્રમાં સુનેત્રા પવારે નાયબ મુખ્યમંત્રી (ડેપ્યુટી સીએમ) પદના શપથ લીધા બાદ NCP પ્રમુખ શરદ પવારે પ્રથમ વખત મૌન તોડ્યું છે. બુધવારે બારામતીમાં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં તેમણે કૌટુંબિક અને રાજકીય મુદ્દાઓ પર ખુલીને વાત કરી હતી.

શરદ પવારે સુનેત્રા પવારના મંત્રીમંડળમાં પ્રવેશ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું કે, "મને ખુશી છે કે સુનેત્રા પવારને તક મળી અને તેમની શપથ વિધિ સંપન્ન થઈ, આ આનંદની વાત છે." જોકે, તેમણે સ્પષ્ટ કર્યું હતું કે તેઓ આ વિષય પર કોઈ રાજકીય ટિપ્પણી કરવા માંગતા નથી, પરંતુ વ્યક્તિગત રીતે તેમને આ ઘટનાક્રમથી આનંદ થયો છે.

NCPના બંને જૂથોના વિલય અંગે ચાલી રહેલી ચર્ચાઓ પર શરદ પવારે મોટું નિવેદન આપ્યું હતું. સીએમ પર નિશાન સાધતા શરદ પવારે કહ્યું કે, વિલય અંગેની વાતચીત અજિત પવાર અને જયંત પાટીલ વચ્ચે ચાલી રહી હતી. આ પ્રક્રિયામાં દેવેન્દ્ર ફડણવીસ ક્યાંય સામેલ નહોતા, તેથી આ મુદ્દે ટિપ્પણી કરવાનો તેમને કોઈ અધિકાર નથી. આ ઉપરાંત તેમણે ઉમેર્યું કે, મુખ્યમંત્રીને બંને NCPના વિલય અંગે નિવેદન આપવાનો કોઈ નૈતિક અધિકાર નથી.

બજેટ અને સંસદ અંગે વાત કરતા શરદ પવારે સ્વાસ્થ્ય અને દેશના આર્થિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરી હતી. તેમણે ભાવુક થતા કહ્યું કે, "છેલ્લા ૫૮ વર્ષમાં એવું ક્યારેય નથી બન્યું કે હું સંસદમાં હાજર ન હોઉં, પરંતુ આ વખતે સ્વાસ્થ્યના કારણોસર હું બજેટ ભાષણ સાંભળવા જઈ શક્યો નથી." આ ઉપરાંત ભારત-અમેરિકા ટ્રેડ ડીલ અંગે તેમણે કહ્યું કે આગામી બે દિવસમાં તેની સ્પષ્ટ તસવીર સામે આવશે.

અજિત પવારનું સ્મારક: અજિત પવારના સ્મારક અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું કે તેમને આ વિશે કોઈ માહિતી નથી.

સીમા વિવાદ: પૂર્વ સેના પ્રમુખ મનોજ નરવણેના પુસ્તકનો ઉલ્લેખ કરતા પવારે જણાવ્યું કે ભારત-ચીન સંબંધો અને સીમા વિવાદ જેવા ગંભીર મુદ્દાઓ પર સંસદમાં ચર્ચા થવી જોઈતી હતી.



# તંત્રી લેખ......

## ઘુસણખોરોને ક્યારે હાંકી કાઢવામાં આવશે? ફક્ત ચૂંટણી દરમિયાન જ આ અંગે ચર્ચા કરવી યોગ્ય નથી

બિહાર વિધાનસભા ચૂંટણી દરમિયાન બાંગ્લાદેશી ઘુસણખોરોનો મુદ્દો ઉભરી આવ્યો હતો. તે પહેલાં, ઝારખંડ વિધાનસભા ચૂંટણી દરમિયાન પણ ઘુસણખોરોને એક મોટા ખતરા તરીકે ટાંકવામાં આવ્યા હતા. જેમ જેમ આસામ અને પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી નજીક આવી રહી છે, ઘુસણખોરોનો મુદ્દો ફરી એકવાર ચર્ચામાં આવી રહ્યો છે. તાજેતરમાં બંગાળની મુલાકાતે આવેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે જો ભાજપ રાજ્યમાં સરકાર બનાવે છે, તો ઘુસણખોરોને પસંદગીપૂર્વક હાંકી કાઢવામાં આવશે. તેમણે અગાઉ આસામમાં જણાવ્યું હતું કે જો ભાજપ ત્રીજી વખત સરકાર બનાવે છે, તો ઘુસણખોરોને હાંકી કાઢવામાં વિલંબ થશે નહીં. આનો અર્થ એ થાય છે કે છેલ્લા દસ વર્ષમાં આસામમાં બાંગ્લાદેશી ઘુસણખોરોને હાંકી કાઢવામાં આવ્યા નથી. દરેક વ્યક્તિએ પૂછવું જોઈએ કે શા માટે. ફક્ત ચૂંટણી દરમિયાન ઘુસણખોરોની ચર્ચા કરવી અને પછી કંઈ ન કરવું તે યોગ્ય નથી. આનાથી ફક્ત ઘુસણખોરો અને તેમના ઘુસણખોરોને ચેતવણી મળશે.

આસામ બાંગ્લાદેશી ઘુસણખોરોથી સૌથી વધુ પ્રભાવિત રાજ્યોમાંનું એક છે. આસામ ઉપરાંત, બાંગ્લાદેશીઓ મેઘાલય અને ત્રિપુરા દ્વારા પણ ઘૂસણખોરી કરે છે. ફિલ્મ અભિનેતા સૈફ અલી ખાન પર હુમલો કરનાર ઘુસણખોર મેઘાલય થઈને મુંબઈ આવ્યો હતો. બાંગ્લાદેશી ઘુસણખોરો સરહદી રાજ્યોમાં પ્રવેશ કરી શકે છે અને અન્ય રાજ્યોમાં પ્રવેશ કરી શકે છે કારણ કે તેઓ નકલી ઓળખ કાર્ડ મેળવે છે, જેના કારણે તેમનું કામ સરળ બને છે. ઉત્તરપૂર્વ અને બંગાળમાં ઘુસણખોરી કરનારા બાંગ્લાદેશીઓ ગુજરાત, કર્ણાટક અને દિલ્હીમાં પણ સ્થાયી થયા છે. ક્યારેક ક્યારેક, કેટલીક રાજ્ય સરકારો તેમને ઓળખવા માટે ઝુંબેશ ચલાવે છે, પરંતુ અત્યાર સુધી કોઈ અસરકારક સાબિત થયું નથી.

ઓપરેશન સિંદૂર દરમિયાન ગુજરાતમાં હજારો બાંગ્લાદેશીઓ પકડાયા હતા. આ ઓપરેશન દરમિયાન ઘણા બાંગ્લાદેશીઓ અન્ય રાજ્યોમાં ભાગી ગયા હોય તે સ્વાભાવિક છે. બાંગ્લાદેશી ઘુસણખોરોની વાર્તા રોહિંગ્યાઓ માટે પણ આવી જ છે. જે રીતે રોહિંગ્યાઓએ ઉત્તરપૂર્વ અને બંગાળમાં ઘૂસણખોરી કર્યા પછી, દિલ્હી, હૈદરાબાદ અને જમ્મુમાં સફળતાપૂર્વક ઠેકાણા સ્થાપ્યા છે તે સ્પષ્ટ કરે છે કે ભારતમાં તેમની ઘૂસણખોરી અને વસાહત વ્યવસ્થિત રીતે થઈ રહી છે. આ કાર્યમાં સામેલ લોકો ઘૂસણખોરોને નકલી પ્રમાણપત્રો પણ પૂરા પાડે છે. બંગાળમાં આવી પ્રવૃત્તિઓ ખૂબ જ સક્રિય છે.

નિ:શંકપણે, ઘૂસણખોરી અટકાવવાની જવાબદારી કેન્દ્ર સરકારની છે, પરંતુ એ પણ સાચું છે કે જો રાજ્ય સરકારો આ કાર્યમાં કેન્દ્ર સરકારને સહકાર ન આપે, તો ઘૂસણખોરોને ઓળખવાનું સરળ નથી. બંગાળ સરકાર કહે છે કે જો ઘૂસણખોરી થઈ રહી છે, તો તેના માટે કેન્દ્ર સરકાર જવાબદાર છે. જો કે, કેન્દ્ર સરકારે આ પ્રશ્નનો પણ જવાબ આપવો જોઈએ: ઘૂસણખોરો અંગે રાજ્ય વહીવટીતંત્ર દ્વારા ક્યારેય કોઈ ફરિયાદ કેમ નોંધવામાં આવતી નથી? હકીકત એ છે કે બંગાળના કોઈપણ પોલીસ સ્ટેશનમાં બાંગ્લાદેશથી ગેરકાયદેસર પ્રવેશની કોઈ ફરિયાદ મળતી નથી. સ્થાનિક નેતાઓ ઘુસણખોરોને પોતાની વોટ બેંક માને છે તેથી પણ ફરિયાદો મળતી નથી. મમતા બેનર્જીએ એક સમયે ઘુસણખોરી સામે અવાજ ઉઠાવ્યો હતો, પરંતુ બંગાળના મુખ્યમંત્રી બન્યા બાદ તેમણે ઘુસણખોરોને ઓળખવાની કોઈપણ પહેલનો વિરોધ કર્યો છે. મતદાર યાદીઓના ખાસ સઘન સુધારાના વિરોધનું એક મુખ્ય કારણ એ ડર છે કે તે ઘુસણખોરોને ઓળખી શકે છે. બંગાળમાં એસઆઈઆર પ્રક્રિયા શરૂ થતાંની સાથે જ સેંકડો બાંગ્લાદેશીઓ તેમના દેશમાં પાછા ફરવા લાગ્યા.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: સોના-ચાંદીમાં તેજીની આગેકૂચ: સોનાના વાયદામાં રૂ.૪૯૩૨ અને ચાંદીના વાયદામાં રૂ.૧૫૭૮૪નો ઉછાળો

### ક્રૂડ તેલના વાયદામાં રૂ.૩૯ની વૃદ્ધિ: કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૨૧૬૬.૧૪ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૯૧૬૩૯.૪૩ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૫૮૫૦.૮૩ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૪૦૪૦૦ પોઈન્ટના સ્તરે


મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૩૩૮૦૮.૮૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૨૧૬૬.૧૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૯૧૬૩૯.૪૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૪૦૪૦૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૫૪૮.૦૫ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૫૮૫૦.૮૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૮૪૨૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૦૭૫૫ અને નીચામાં રૂ.૧૫૬૫૫૩ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૩૮૦૯ના આગલા બંધ સામે રૂ.૪૯૩૨ના ઉછાળા સાથે રૂ.૧૫૮૭૪૧ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૮૪૨ વધી રૂ.૧૩૦૬૮૨ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૫૧૦ વધી રૂ.૧૬૩૦૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮૬૩ની તેજી સાથે રૂ.૧૫૬૭૨૫ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૭૨૭૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૩૦૦૦ અને નીચામાં રૂ.૧૫૨૧૬૮ના મથાળે અથડાઈ, રૂ.૧૫૫૮૯૭ના આગલા બંધ સામે રૂ.૫૪૧૮ના ઉછાળા સાથે રૂ.૧૬૧૩૧૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૭૮૦૧૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૮૬૩૦૬ અને નીચામાં રૂ.૨૭૫૦૪૪ના મથાળે અથડાઈ, રૂ.૨૬૮૦૧૫ના આગલા બંધ સામે રૂ.૧૫૭૮૪ના ઉછાળા સાથે રૂ.૨૮૩૭૯૯ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૫૨૯૮ની તેજી સાથે રૂ.૨૯૧૫૯૬ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૧૫૩૪૦ ઊછળી રૂ.૨૯૧૭૬૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૪૨૦૫.૪૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ફેબ્રુઆરી વાયદો ૨૫ પૈસા ઘટી રૂ.૧૨૮૨.૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૧.૬ વધી રૂ.૩૨૫.૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો ૬૫ પૈસા વધી રૂ.૩૧૫.૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ફેબ્રુઆરી વાયદો ૬૫ પૈસા ઘટી રૂ.૧૯૧.૦૫ના ભાવે બોલાયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૯૯૨.૦૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ફેબ્રુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૫૧૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૫૩૩ અને નીચામાં રૂ.૩૪૨૧ના સ્તરને સ્પર્શી, રૂ.૮૭ ઘટી રૂ.૩૪૭૫ થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૭૬૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૭૯૬ અને નીચામાં રૂ.૫૬૯૫ના મથાળે અથડાઈ, રૂ.૫૭૦૯ના આગલા બંધ સામે રૂ.૩૯ વધી રૂ.૫૭૪૮ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૪૧ વધી રૂ.૫૭૫૧ થયો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૨.૩ વધી રૂ.૩૦૩.૯ થયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૨.૨ વધી રૂ.૩૦૪ થયો હતો.




કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૮૭ના ભાવે ખૂલી, કોઈ ફેરફાર વગર રૂ.૯૮૦.૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૫૯૦ના ભાવે ખૂલી, રૂ.૧ વધી રૂ.૨૬૦૪ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૨૦૯૭૫.૩૪ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૪૮૭૫.૪૯ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૩૭૫૮.૫૮ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૫૮.૪૬ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૬.૫૭ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૫૬.૫૬ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૩.૬૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૮૭૦.૩૧ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૧૦૮.૦૨ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૪.૯૧ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૬૨ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૫૩૫ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૮૮૨૭ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૩૦૭૦૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૦૬૯૫૯ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૪૯૨૪૭ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૯૨૪૨ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૨૬૪૧ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૬૨૮૭૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૭૬૫ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૬૯૫૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૧૬૦૪૭ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૯૯૦૩ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૪૧૧૯૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૯૯૦૩ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૩૮૫ પોઈન્ટ વધી ૪૦૪૦૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૫.૧ વધી રૂ.૨૦૨.૫ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૪ વધી રૂ.૩૦.૪૫ના ભાવે બોલાયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭૮૪.૫ વધી રૂ.૯૧૮૦ થયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૫૭૦ વધી રૂ.૨૭૫૦૦.૫ થયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૯૩ ઘટી રૂ.૫૭ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૧૩ ઘટી રૂ.૩.૯૯ના ભાવે બોલાયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૮.૬ વધી રૂ.૨૦૮.૬૫ થયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૫ વધી રૂ.૩૦.૭૫ થયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૩૦.૫ વધી રૂ.૮૮૬૬ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૨૨૪ વધી રૂ.૨૮૧૦૦.૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૨.૨ ઘટી રૂ.૧૯૮.૩ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૦ પૈસા વધી રૂ.૨૬.૯ થયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૪૫ ઘટી રૂ.૩૦૬૭.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૮૪૫.૫ ઘટી રૂ.૪૩૭૮ના ભાવે બોલાયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૫૯ પૈસા ઘટી રૂ.૨૬.૫૪ થયો હતો. જસત ફેબ્રુઆરી રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૭૨ પૈસા ઘટી રૂ.૧૦.૫ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૦.૩૫ ઘટી રૂ.૨૦૨.૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૭૫ પૈસા વધી રૂ.૨૭.૨૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૦૮ ઘટી રૂ.૩૪૧૧ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૪૧૯.૫ ઘટી રૂ.૧૩૧૮૧.૫ના ભાવે બોલાયો હતો.

## યાત્રીઓની સુવિધા માટે એક્તાનગર સ્ટેશનથી ચાલનારી ટ્રેનોના સમયમાં ફેરફાર

યાત્રીઓની સુવિધા માટે પશ્ચિમ રેલવે દ્વારા એકતાનગર સ્ટેશનથી ચાલનારી ટ્રેનોના સમયમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેનોના બદલાયેલા સમયની વિગતો આ મુજબ છે :

૧. ટ્રેન નંબર ૦૯૪૧૦ એકતાનગર-અમદાવાદ સ્ટીમ હેરિટેજ સ્પેશિયલ (દ્વિ-સાપ્તાહિક) ૧૪.૦૨.૨૦૨૬ થી એકતાનગર સ્ટેશનથી ૨૦:૨૦ કલાકને બદલે હવે ૨૦:૩૦ કલાકે પ્રસ્થાન કરશે.

૨. ટ્રેન નંબર ૨૦૯૫૦ એકતાનગર – અમદાવાદ જનશતાબ્દી એક્સપ્રેસ ૦૯.૦૨.૨૦૨૬ થી એકતાનગર સ્ટેશનથી ૨૦:૫૫ કલાકને બદલે હવે ૨૦:૫૦ કલાકે પ્રસ્થાન કરશે.

૩. ટ્રેન નંબર ૬૯૨૦૬ એકતાનગર – પ્રતાપનગર મેમૂ ના સંચાલન સમયમાં ૧૦.૦૨.૨૦૨૬ થી ફેરફાર કરવામાં આવ્યો છે. આ ટ્રેન એકતાનગર સ્ટેશનથી ૨૨.૩૫ કલાકને બદલે ૨૧.૦૫ કલાકે પ્રસ્થાન કરશે. ચાંદોદ સ્ટેશન પર ૨૨.૫૯/૨૩.૦૦ કલાકને બદલે ૨૨.૧૪/૨૨.૧૫ કલાકે પહોંચશે/રવાના થશે. ડભોઈ સ્ટેશન પર ૨૩.૧૮/૨૩.૨૦ કલાકને બદલે ૨૨.૩૩/૨૨.૩૫ કલાકે પહોંચશે/રવાના થશે. પ્રતાપનગર સ્ટેશન પર ૦૦.૦૫ કલાકને બદલે ૨૩.૧૫ કલાકે પહોંચશે. યાત્રી આ ટ્રેનના સંચાલન સમય, રોકાણ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે વેબસાઈટ www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# ગાંધીનગર ખાતે 'રાજ્ય શ્રમ પારિતોષિક' વિતરણ સમારોહ: મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાના વરદ હસ્તે ૧૨૮ શ્રમિક રત્નોનું સન્માન



ગાંધીનગરના જી.આઈ.ડી.એમ. (GIDM) ઓડિટોરિયમ ખાતે તા. ૦૪/૦૨/૨૦૨૬ના રોજ એક ભવ્ય સમારોહમાં શ્રમયોગીઓની કાર્યનિષ્ઠા અને કૌશલ્યને બિરદાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વર્ષ ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ માટેના કુલ ૧૨૮ રાજ્ય શ્રમ પારિતોષિકો એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર શ્રમિકોને રાજ્ય શ્રમરત્ન, રાજ્ય શ્રમભૂષણ, રાજ્ય શ્રમવીર અને રાજ્ય શ્રમશ્રી/શ્રમદેવી જેવા પ્રતિષ્ઠિત પુરસ્કારોથી સન્માનિત કરી તેમની મહેનતને રાજ્ય સ્તરે ઓળખ આપવામાં આવી હતી. આ શ્રમ પારિતોષિકો મંત્રીશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગારશ્રી કુંવરજીભાઈ બાવળીયાના વરદ હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.

ઉલ્લેખનિય છે કે,કારખાનાઓમાં કામ કરતાં શ્રમયોગીઓ જેમણે ઉત્પાદનની ઉત્પાદકતામાં વધારો, ઔદ્યોગિક શાંતિ જાળવવામાં, આફતના વખતમાં પોતાની સુઝબુઝ અને ત્વરિત પગલાંથી કારખાનામાં અને આજુબાજુના અસરગ્રસ્ ત ક્ષેત્રમાં જાન-માલના બચાવ અને શ્રમયોગી કલ્યાણ વગેરે માટે કરેલ વિશિષટ કામગીરીને પ્રોત્સાહિત કરવા રાજ્ય શ્રમ પારિતોષિક યોજના અમલમાં મુકવામાં આવી છે.

સમારોહમાં શ્રમયોગીઓને અભિનંદન પાઠવતા શ્રમ અને રોજગાર વિભાગના મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, ગુજરાતના ઉદ્યોગ ગૃહોના પ્રગતિના પાયામાં શ્રમયોગીઓનું વિશિષ્ટ યોગદાન રહેલું છે. આજે આ શ્રમયોગીઓની પીઠ થાબડવાનો અવસર છે.

રાજ્યમાં માનવજીવન ઊંચું લાવવા ઔદ્યોગીકરણ જરૂરી છે. તેમાં હકારાત્મક ઉદ્યોગ નીતિ અને ઝડપી કામગીરી દ્વારા ગુજરાત આજે પ્રગતિના શિખરો સર કરી રહ્યું છે. આ સાથે જ ઉદ્યોગોમાં કાર્યરત શ્રમયોગીઓના આરોગ્ય, પર્યાવરણની શુધ્ધિ વગેરે અંગે પણ રાજ્ય સરકાર મહત્વના પગલાં લઈ રહી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના મુખ્યમંત્રી કાળમાં રાજ્યની ઉદ્યોગ સ્થિતિને પ્રગતિકારક બનાવવા માટે સરળ ઔદ્યોગિક નીતિ સાથે ઈઝ ઓફ ડુઈંગના સિદ્ધાંતથી કાર્ય કર્યું હતું. જેના પ્રતાપે આજે ગુજરાત રાજ્ય ઔદ્યોગિક ક્ષેત્રે મોખરાના સ્થાને છે.

આ ઔદ્યોગિક ક્ષેત્રે પ્રગતિના મુખ્યકારકો એ તેના શ્રમયોગીઓ છે, ત્યારે તેમને પ્રોત્સાહિત કરવા દર વર્ષે ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો, ઔદ્યોગિક શાંતિ જાળવવામાં અગ્રેસર, પોતાના જાનનું જોખમ ખેડીને અને તાકીદે પગલા ભરીને જીવ બચાવ્યા હોય કે મિલકત બચાવી હોય તેવા વિશિષ્ટ શ્રમયોગીઓને રાજ્ય સરકાર દ્વારા શ્રમ પારિતોષિત એનાયત કરવામાં આવે છે. પ્રધાનમંત્રીશ્રીએ તેમના કાર્યકાળમાં વર્ષ ૨૦૧૦-૧૧ થી દરેક રિજીયનમાં ૧૬ પારિતોષિક પ્રમાણે કુલ ૬૪ પારિતોષિક આપવાનો નિર્ણય કર્યો હતો. જે અનુસાર આજરોજ વર્ષ ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ના કુલ ૧૨૮ શ્રમયોગીઓને કુલ રૂ. ૧૭ લાખ ૪૫ હજારના રાજ્ય શ્રમયત્ન, શ્રમભૂષણ, શ્રમવીર, શ્રમશ્રી/ શ્રમદેવી કેટેગરીમાં પારિતોષિક એનાયત કરવામાં આવ્યા છે.

શ્રમયોગીઓની મહેનત, તેના પરસેવા અને તેમના કૌશલ્યના સહયોગથી ઉદ્યોગ ક્ષેત્ર પ્રગતિ કરી રહ્યું છે ત્યારે ઉદ્યોગકારોની શ્રમિકોને પોતાના પરિવાર સમાન ભાવનાથી પ્રોત્સાહિત કરવાની નિતીને તેમણે બિરદાવી હતી. મંત્રીશ્રીએ ઉદ્યોગકારોને મેનેજમેન્ટની નીતિ દ્વારા શ્રમયોગીઓને વધુને વધુ પ્રોત્સાહિત કરવા, તેમની નવી શોધોને અમલી કરવા, સમયાંતરે જરૂરી ટેકનિકલ તાલીમના આયોજન અને તેમના મનોવલણોને સમજી ઉદ્યોગોને નવીન ઊંચાઈ હાંસલ કરવા અનુરોધ કર્યો હતો.

આ સંપૂર્ણ કાર્યક્રમ શ્રી લોચન સેહરા (I.A.S.), સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગારના રાહબરી હેઠળ નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય દ્વારા યોજાયો હતો, જેમાં તેમણે વિભાગના સચિવશ્રી તરીકે ઉપસ્થિત સર્વ પુરસ્કૃત શ્રમિકોને અભિનંદન પાઠવતા આ તમારો અમને સંપૂર્ણ વિગતો જણાવી હતી. તથા ઉમેર્યું હતું કે, ગુજરાતમાં સેમિકન્ડક્ટ, કેમિકલ તથા શિપિંગ વગેરે ક્ષેત્રોમાં મોટી તકો છે. આ તકોના ઉપયોગથી મેન પાવર થકી દેશને ઈકોનોમીમાં આગળ વધારવા સૌએ સહભાગી બનવા અનુરોધ કર્યો હતો.

આ તકે ડાયરેક્ટર શ્રી ઔદ્યોગિક સલામતી અને આરોગ્ય,શ્રી પી.એમ શાહ દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહાનુભાવો તથા શ્રમયોગીઓનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ સમારંભમાં રોજગાર અને તાલીમ નિયામક શ્રી નિતિન સાંઘવાન તથા સાણંદ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન પ્રમુખશ્રી અજિત શાહ ઉપરાંત શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના ઉચ્ચ અધિકારીઓ, ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓ તથા શ્રમયોગીઓએ હાજર રહ્યા હતાં.

- દિવ્યા-નેહા


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક


RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# અમદાવાદ મંડળે એપ્રિલ ૨૦૨૫ થી જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન ગહન ટિકિટ તપાસ અભિયાનોથી પ્રાપ્ત કર્યો રૂ.૨૫.૭૨ કરોડથી વધુનો દંડ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે એપ્રિલ ૨૦૨૫ થી જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન ગહન ટિકિટ તપાસ અભિયાનો મારફતે રૂ.૨૫.૭૨ કરોડથી વધુનો દંડ પ્રાપ્ત કરીને નોંધપાત્ર સિદ્ધિ મેળવી છે. પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ પોતાના યાત્રીઓની સુવિધાઓને સતત ઉત્તમ બનાવવા માટે પ્રતિબદ્ધ છે અને માન્ય યાત્રીઓની સુરક્ષિત અને સુખદ યાત્રા સુનિશ્ચિત કરવા માટે અનેક મજબૂત પગલાં લઈ રહ્યું છે.





અનધિકૃત યાત્રાને અટકાવવાના ઉદ્દેશથી મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ, સિનિયર મંડળ કોમર્શિયલ મેનેજર શ્રી અન્નૂ ત્યાગી અને અન્ય કોમર્શિયલ અધિકારીઓ દ્વારા દરરોજ ટિકિટ તપાસ કામની સમીક્ષા કરવામાં આવી તથા તેમના માર્ગદર્શનમાં વિશેષ ટિકિટ તપાસ અભિયાન સંચાલિત કરવામાં આવ્યા. સિનિયર કોમર્શિયલ અધિકારીઓની દેખરેખમાં કાર્યરત અત્યંત પ્રેરિત ટિકિટ ચેકિંગ ટીમ દ્વારા એપ્રિલ ૨૦૨૫ થી જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન અનેક અભિયાન ચલાવવામાં આવ્યા, જેના પરિણામે રૂ.૨૫.૭૨ કરોડની વસૂલી થઈ, જે પાછલા વર્ષના સમાન સમયગાળા દરમિયાનની સરખામણીમાં લગભગ ૫૪% વધારે છે. ફક્ત જાન્યુઆરી ૨૦૨૬ મહિનામાં વગર ટિકિટ અને અનિયમિત યાત્રાઓ, જેમાં વગર બુકિંગના મામલા પણ સામેલ છે, ૩૨,૩૩૦ પ્રકરણોની ઓળખ કરીને રૂ.૨.૪૮ કરોડની રકમ વસૂલ કરવામાં આવી, જે નિર્ધારિત લક્ષ્યથી ૧૮% વધારે છે.

તા. ૦૩.૦૨.૨૦૨૬ના રોજ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અંકુર દેસાઈના નેતૃત્વમાં વિશેષ ટિકિટ તપાસ અભિયાન ચલાવવામાં આવ્યું. આ અભિયાન દરમિયાન ૭ ટિકિટ તપાસ સ્ટાફની ટીમ દ્વારા કુલ ૧૮૧ કેસ પકડાયા, જેમાંથી દંડરૂપે રૂા.૧,૧૫,૪૪૦નું આવક પ્રાપ્ત થયું.

તારીખ ૦૪.૦૨.૨૦૨૬ ના રોજ મંડળ કોમર્શિયલ મેનેજર શ્રી જયેશ મકવાણાના નેતૃત્વમાં વિશેષ ટિકિટ તપાસ અભિયાન ચલાવવામાં આવ્યું, જેના હેઠળ ૧૪૭૦૨ અમરાપુર અરાવલી એક્સપ્રેસ, ૭૯૪૩૪ સાબરમતી-પાટણ ડેમૂ, ૭૯૪૩૨ સાબરમતી-મહેસાણા ડેમૂ, ૭૯૪૩૬ પાટણ-સાબરમતી ડેમૂ તથા ૧૨૫૪૭ આગરા કેન્ટ-સાબરમતી એક્સપ્રેસમાં સઘન તપાસ કરવામાં આવી. આ અભિયાનમાં ૧૦ ટિકિટ તપાસ સ્ટાફ અને ૪ આરપીએફ સ્ટાફની હાજરી રહી. અભિયાન દરમિયાન વગર ટિકિટના ૧૨૦, ઉચ્ચ શ્રેણીમાં યાત્રા કરનારા ૧૯, વગર બુકિંગ સામાનના ૧ તથા ગંદકી ફેલાવવાના/થૂકવાના ૪ પ્રકરણ સહિત કુલ ૧૪૪ પ્રકરણ પકડવામાં આવ્યા, જેનાથી રૂ.૪૭,૦૧૦ ની વસૂલાત કરવામાં આવી. આ અભિયાન સાબરમતી-મહેસાણા અને પાટણ-સાબરમતી રેલવે સેક્શન્સમાં સંચાલિત કરવામાં આવ્યું.

આ પ્રકારના પરિણામ અનધિકૃત યાત્રા પર નિયંત્રણ મેળવવા, યાત્રા અનુભવને ઉત્તમ બનાવવા તથા સાર્વજનિક સંપત્તિની સુરક્ષા સુનિશ્ચિત કરવા પ્રત્યેની પશ્ચિમ રેલવેની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળ પોતાના યાત્રીઓને વિનમ્ર વિનંતી કરે છે કે તેઓ યોગ્ય અને માન્ય ટિકિટ લઈને જ યાત્રા કરે, જેનાથી તેમને સુગમ, સુરક્ષિત અને આનંદદાયક યાત્રા થાય.

# “મેરા ટિકટ, મેરી શાન – વિકસિત ભારત કે લિએ મેરા યોગદાન” જનજાગૃતિ અભિયાનમાં એમ્બ્યુલન્સ ૧૦૮ ટીમની સક્રિય ભાગીદારી



પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા રેલયાત્રીઓમાં માન્ય ટિકિટ લઈને મુસાફરી કરવા તથા ડિજિટલ રેલવે સેવાઓનો વધુમાં વધુ ઉપયોગ કરવા માટે જાગૃતિ વધારવાના હેતુથી “મેરા ટિકટ, મેરી શાન – વિકસિત ભારત કે લિએ મેરા યોગદાન” જનજાગૃતિ અભિયાનનું અસરકારક આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અભિયાનનું સંચાલન પ્રમુખ મુખ્ય વાણિજ્ય પ્રબંધક શ્રી તરુણ જૈનના માર્ગદર્શન અને પ્રેરણાથી કરવામાં આવી રહ્યું છે.

આ જ ક્રમમાં તારીખ ૦૪ ફેબ્રુઆરી ૨૦૨૬ (બુધવાર)ના રોજ ભાવનગર ટર્મિનસ સ્ટેશન પર એક અસરકારક જનજાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એમ્બ્યુલન્સ ૧૦૮ના હેડ શ્રી કપિલ સોલંકી તથા તેમની ટીમની ગૌરવપૂર્ણ ઉપસ્થિતિ રહી હતી.

કાર્યક્રમ દરમિયાન ભાવનગર મંડળની કલ્ચરલ ટીમ તથા સ્કાઉટ અને ગાઈડની ટીમ દ્વારા નુક્કડ નાટકના માધ્યમથી યાત્રીઓ અને સ્ટેશન પર હાજર જનસમૂહને માન્ય ટિકિટ લઈને મુસાફરી કરવાની મહત્વતા અંગે જાગૃત કરવામાં આવ્યા.

આ અવસરે એમ્બ્યુલન્સ ૧૦૮ની ટીમ દ્વારા એમ્બ્યુલન્સમાં ઉપલબ્ધ જીવનરક્ષક સાધનો અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી તથા સામાન્ય નાગરિકોને આકસ્મિક પરિસ્થિતિમાં નિઃસંકોચ ૧૦૮ સેવાનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા. ટીમ દ્વારા સમયસર એમ્બ્યુલન્સ બોલાવવાની પ્રક્રિયા, અકસ્માત સમયે લેવાયેલી તકેદારી અને પ્રાથમિક સારવાર સંબંધિત મહત્વપૂર્ણ માહિતી પણ શેર કરવામાં આવી.

કાર્યક્રમ અંતર્ગત વાણિજ્ય વિભાગ દ્વારા યાત્રીઓને રેલવન એપ (RailOne App) અંગે વિગતવાર માહિતી આપવામાં આવી. યાત્રીઓને એપના મુખ્ય લાભો જેમ કે સરળ ટિકિટ બુકિંગ, ટ્રેનોની રિયલ-ટાઈમ માહિતી તથા એક જ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ વિવિધ રેલવે સેવાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા અને ડિજિટલ સેવાઓ અપનાવવા માટે પ્રેરણા આપવામાં આવી.

વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે આ અભિયાન યાત્રીઓને માન્ય ટિકિટ સાથે મુસાફરી કરવા, ડિજિટલ સેવાઓ અપનાવવા તથા એક સુરક્ષિત, પારદર્શક અને કાર્યક્ષમ રેલવે પ્રણાલી નિર્માણમાં સહભાગી બનવા માટે પ્રોત્સાહિત કરે છે.

મંડલ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ યાત્રીઓથી અપીલ કરી કે તેઓ હંમેશા યોગ્ય ટિકિટ લઈને મુસાફરી કરે અને આ સંદેશને જન-જન સુધી પહોંચાડવામાં સહયોગ આપે. તેમણે જણાવ્યું કે આવા અભિયાનોના કારણે યાત્રીઓમાં રેલવે નિયમો, નાગરિક કર્તવ્યો, ઈમાનદાર મુસાફરી અને સામાજિક જવાબદારી અંગે જાગૃતિમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે.

# બાળતસ્કરી રેકેટનો મુખ્ય સુત્રધાર યુનુસ ઝડપાયો : અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને બનાસકાંઠા પોલીસનુ સંયુકત ઓપરેશન

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને બનાસકાંઠા પોલીસે સંયુકત રીતે ચલાવેલા એક મહત્વપૂર્ણ ઓપરેશનમાં બાળકોના અપહરણના મોટા રેકેટનો મુખ્ય સુત્રધાર અને મુખ્ય સપ્લાયર યુનુસ ની સફળતાપૂર્વક ધરપકડ કરી છે. આ કાર્યવાહી સગીરોના અપહરણ અને તેમની તસ્કરીમાં સંડોવાયેલા ગુન્હાહીત સીન્ડીકેટને તોડી પાડવામાં એક મોટી સફળતા મળી છે. ઓપરેશન નેટવર્કનો મુખ્ય સુત્રધાર ઝડપાયો હતો.




પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ આરોપી યુનુસ છેલ્લા કેટલાક સમયથી બાળકોના અપહરણના નેટવર્કનો મુખ્ય સુત્રધાર હતો. તે અપહરણ કરાયેલા બાળકોને આગળ સપ્લાય કરવાનુ કામ કરતો હતો. અને સમગ્ર રેકેટનુ સંચાલન કરતો હોવાનુ પોલીસ તપાસમાં બહાર આવ્યુ છે. અમદાવાદ અને બનાસકાંઠા સહિતના વિસ્તારોમાં થયેલી અનેક અપહરણની ઘટનાઓ પાછળ આ ગેંગ જવાબદાર હોવાનુ પોલીસ અનુમાન લગાડી રહી છે. આરોપીને પોલીસ કસ્ટડીમાં લઈ લેવામાં આવ્યો છે. પોલીસે ગુપ્ત માહિતીના આધારે આયોજન બધ્ધ રીતે સંયુકત ઓપરેશન પાર પાડયુ હતું. જેમાં આરોપીને ઝડપી લેવા માટે ખાસ ટીમો બનાવવામાં આવી હતી.

સફળ ઓપરેશન બાદ યુનુસ ની ધરપકડ કરવામાં આવી છે અને તેને વધુ પુછપરછ માટે પોલીસ કસ્ટડીમાં લઈ લેવામાં આવ્યો છે. આ ધરપકડથી બાળકોના અપહરણ અને માનવ તસ્કરી જેવા ગંભીર ગુન્હાઓમાં સંડોવાયેલા સમગ્ર નેટવર્ક અંગે વધુ ખુલાસાઓ બહાર આવવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે. પોલીસે જણાવ્યુ હતુ કે કેસ માં અન્ય સંડોવાયેલા આરોપીઓની શોધખોળ પણ તેજ કરવામાં આવી છે.

# ગાંધીગ્રામ–ભાવનગર ટ્રેનમાં છૂટેલો મુસાફરનો બેગ વાણિજ્ય વિભાગના કર્મચારીઓની તત્પરતાથી સુરક્ષિત રીતે મળ્યો

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળના કર્મચારીઓ પોતાના સન્માનિત મુસાફરોની સહાય અને સુરક્ષા માટે હંમેશા તત્પર રહે છે. આ જ ક્રમમાં ઈમાનદારી અને કર્તવ્યનિષ્ઠાનું એક પ્રશંસનીય ઉદાહરણ સામે આવ્યું છે.





ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે તારીખ ૦૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ (બુધવાર)ના રોજ એક મુસાફર ટ્રેન નંબર ૦૯૨૧૫ ગાંધીગ્રામ–ભાવનગર સ્પેશલ દ્વારા ધોળા સ્ટેશન સુધી મુસાફરી કરી રહ્યો હતો. ધોળા સ્ટેશન પર ઉતર્યા બાદ અને ટ્રેન રવાના થયા પછી મુસાફરને ખબર પડી કે તેનો એક સૂટકેસ ટ્રેનમાં જ રહી ગયો છે. આ સૂટકેસમાં અંદાજે રૂા.૨૧,૦૦૦/- કિંમતનો એક મોબાઈલ ફોન, રૂા.૧,૦૦,૦૦૦/- કિંમતની સોનાની બુટી, રૂા.૨૫,૦૦૦/- રોકડ (કેશ), નવા કપડાં તથા અન્ય જરૂરી સામાન હતો.

આ સૂટકેસ ટ્રેનમાં ફરજ પર તૈનાત મુખ્ય ટિકિટ નિરીક્ષક– ભાવનગર શ્રી એસ. ડી. ગોહિલને લાવારિસ હાલતમાં મળ્યો. આ તરફ, મુસાફર તરત જ સડક માર્ગે ભાવનગર ટર્મિનસ પહોંચ્યો અને સ્ટેશન પર પોતાના છૂટેલા સૂટકેસ અંગે માહિતી આપી. જરૂરી પૂછપરછ અને ઓળખની ચકાસણી કર્યા બાદ સૂટકેસ મુસાફરને સુરક્ષિત રીતે સોંપવામાં આવ્યો. પોતાનું સામાન સલામત રીતે મળતાં મુસાફરે રેલ પ્રશાસન તથા તમામ સંબંધિત કર્મચારીઓનો આભાર વ્યક્ત કર્યો.

મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ આ પ્રશંસનીય કાર્ય માટે સંબંધિત કર્મચારીની પ્રશંસા કરી અને તેમને પ્રોત્સાહિત કરતા જણાવ્યું કે ભાવનગર મંડળ પોતાના મુસાફરોની સુરક્ષા, સેવા અને વિશ્વાસ જાળવી રાખવા માટે હંમેશા પ્રતિબદ્ધ છે.

# ભાજપ સરકાર કામદાર વિરોધી છે પોતાના હક્ક અને અધિકારો માટે રોડ રસ્તા ઉપર આંદોલન કરતા કામદારોના અવાજને કોંગ્રેસ બુલંદ બનાવશેઃ અમિત ચાવડા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાંથી આરંભ કરેલ જનઆક્રોશ યાત્રાના બીજા દિવસે યાત્રા દરમિયાન વલસાડ કલેકટર કચેરીએ કોંગ્રેસ પાર્ટી દ્વારા રેલીનુ આયોજન કરી કલેકટરને કામદારોના અધિકારો અને તેમના શોષણના મુદ્દે આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરી, વાંસદાના ધારાસભ્ય અનંત પટેલ સહિત વરીષ્ઠ આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા.





કામદાર સંવાદ કાર્યક્રમ અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યુ હતુ કે તેમણે વલસાડ અને તેની આજુબાજુના ઔદ્યોગિક વિસ્તારોમાં કામ કરતા મજુરો તેમના પ્રશ્નો અંગે મીડીયાને સંબોધન કર્યુ હતું. વલસાડ ખાતે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખે મીડીયાને સંબોધન કરતા જણાવ્યુ હતુ કે હજારોની સંખ્યામાં કામદારો જન આક્રોશ યાત્રામાં પોતાના પ્રશ્નો લઈને આવ્યા, આ કામદારોનુ બધી જ રીતે શોષણ થાય છે, જેમ કે કોન્ટ્રાકટ પ્રથાના નામે એનુ શોષણ, કામદાર મૃત્યુ પામે તો એને પુરતુ વળતર મળતુ નથી. મહિલા કામદારો છે એને રાતના સમયે પણ ડયુટી કરવા મજબુર કરવામાં આવે છે, કોન્ટ્રાકટ પ્રથા છે એના કારણે કામદારોને પુરતુ વેતન નથી મળતુ, ગુજરાત સરકાર પણ કામદારો માટેના જે કાયદા કાનુન છે જે એના નિયમોને જોગવાઈ અને એના અધિકારો પણ આપતી નથી. કામદાર સંવાદ કાર્યક્રમમાં આજે રોડ રસ્તા પર ઉતરી પોતાના અધિકાર માટે લડવા માટે આ યાત્રામાં જોડાયા છીએ.

હું ગુજરાતના તમામ કામદારોને કહેવા માંગુ છુ કે આવો સૌ સાથે મળી તમારા હક્ક અધિકાર માટે અવાજ બુલંદ કરીએ, આખી કોંગ્રેસ પાર્ટી સંકલ્પ કરે છે કે ગુજરાતમાં કામદારોના હક્ક અધિકાર માટે, એમના ન્યાય માટે, એમને થતા શોષણ સામે આવનારા દિવસોમાં કામદારોની સાથે રહી લડાઈ લડીશુ, ચાવડાએ વધુમાં જણાવ્યુ હતુ કે છેલ્લા ૩ વરસથી કામદારોને ઈન્ક્રીમેન્ટ આપવામાં આવ્યુ નથી. એક પણ રૂપીયાનો પગાર વધારો કરવામાં આવ્યો નથી. ધારાસભ્ય અનંત પટેલ દ્વારા લેખિતમાં રજુઆત કરવામાં આવી હોવા છતાં શ્રમ ખાતાના અધિકારીઓ દ્વારા પણ કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી અને કામદારોને દબાણ અને ધાક ધમકીઓ આપવામાં આવી રહેલ છે જેથી આજે કલેકટર ને આવેદનપત્ર આપવામાં આવ્યુ છે. જેમાં ૧૫ દિવસમાં હકારાત્મક નિર્ણય આવશે નહી , પગાર વધારાની માંગણીઓ સ્વીકારવામાં નહી આવે તો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે. દક્ષિણ ગુજરાતના મુદ્દાઓ પર ધ્યાન દોરતા અમિત ચાવડાએ જણાવ્યુ હતુ કે નલ સે જલ યોજના અને મનરેગા યોજનામાં કરોડોનો ભ્રષ્ટાચાર ભાજપના મળતીયાઓએ કર્યો છે. ભ્રષ્ટાચારીઓને જેલ ભેગા કરાવવા લડીશુ અને ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (પીબીસીબી) ની હપ્તાખોરીને કારણે દક્ષિણ ગુજરાતના લોકો હવા, પાણી અને ધ્વનિ પ્રદુષણથી પીડાય છે. તેની સામે આવનારા સમયમાં કોંગ્રેસ પાર્ટી દક્ષિણ ગુજરાતની જનતાની સાથે રાખીને આંદોલન કરશે.

# ભારત-યુ.એસ. ટ્રેડ ડીલ અંગે માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રતિક્રિયા

- યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત અને અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલ એ વિશ્વને નવા ભારતની શક્તિનો પરિચય છે.
- આ ડીલ માત્ર ઉદ્યોગ પૂરતી સીમિત નથી.
- પરંતુ બે મોટી અર્થવ્યવસ્થાના નાગરિકોના હિતમાં અને નવી તકોના સર્જન માટેની ડીલ છે.
- જ્યારે વિશ્વની બે સૌથી મોટી લોકશાહી સાથે મળીને આગળ વધે, ત્યારે સાચા અર્થમાં વિશ્વ કલ્યાણની ભાવના ચરિતાર્થ થાય છે.
- એ દિશામાં આ ટ્રેડ ડીલ ભારત-અમેરિકા વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોની પ્રગતિમાં નવા અધ્યાયની શરૂઆત પણ છે.
- આ ડીલના પરિણામે મેઈક ઈન ઈન્ડિયા, મેઈડ ફોર ધ વર્લ્ડના વડાપ્રધાનશ્રીએ આપેલા વિઝનને વધુ બળ મળશે.
- મેડ ઈન ઈન્ડિયા ઉત્પાદનો પર યુએસ ટેરિફમાં ૧૮ ટકાનો ઘટાડો એ ઉત્પાદન, MSME, નિકાસકારો અને રોજગાર સર્જન માટે નોંધપાત્ર પ્રોત્સાહન છે.
- ઉદ્યોગસાહસિકો અને સ્ટાર્ટઅપ્સ માટે વિશ્વના વ્યાપક બજારો માટે નવા દ્વાર ખુલશે.
- ગુજરાત મેન્યુફેક્ચરીંગ હબ સાથે ટેકસટાઈલ, ફાર્મા, કેમિકલ, પેટ્રોલિયમ, જેમ્સ એન્ડ જ્વેલરી જેવા ક્ષેત્રોમાં લીડર છે.
- ભારત અને અમેરિકા વચ્ચે થયેલા આ ઐતિહાસિક કરારથી આ સેક્ટર્સના ઉત્પાદનોના એક્સપોર્ટને પ્રોત્સાહન મળશે.
- એટલું જ નહિ, ગુજરાતના મેન્યુફેક્ચરિંગ સેક્ટર્સ અને MSME સહિતના વેપાર-ઉદ્યોગને સીધો લાભ થશે.
- આ કરારથી ભારતની ગ્લોબલ ઈકોનોમિક પ્રેઝન્સ વધશે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નિર્ણાયક નેતૃત્વ અને સિટિઝન સેન્ટ્રિક ડિપ્લોમસીથી, ભારત-યુએસ સંબંધોથી વૈશ્વિક શાંતિ અને સમૃદ્ધિને પણ વેગ મળશે.
- હું ગુજરાતના સૌ નાગરિકો વતી આ ઐતિહાસિક દ્વિપક્ષીય વ્યાપાર કરાર બદલ વડાપ્રધાનશ્રીને અભિનંદન પાઠવું છું.

# ભાવનગર–ઓખા એક્સપ્રેસ ટ્રેનમાં એરકન્ડિશન્ડ કોચની સુવિધા ૩૧ મે ૨૦૨૬ સુધી વિસ્તૃત

યાત્રીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને રેલ પ્રશાસને ભાવનગર–ઓખા–ભાવનગર એક્સપ્રેસ ટ્રેન (૧૯૨૦૯/૧૯૨૧૦)માં અસ્થાયી રીતે આપવામાં આવતી એરકન્ડિશન્ડ ત્રીજી શ્રેણી (થર્ડ એસી) કોચની સુવિધાને ૩૧ મે ૨૦૨૬ સુધી વિસ્તૃત કરવાનો નિર્ણય કર્યો છે.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા મુજબ ટ્રેન નંબર ૧૯૨૦૯/૧૯૨૧૦ ભાવનગર–ઓખા–ભાવનગર એક્સપ્રેસમાં એક થર્ડ એસી કોચ ભાવનગર ટર્મિનસ સ્ટેશનથી તારીખ ૦૫ ફેબ્રુઆરી ૨૦૨૬ થી ૩૧ મે ૨૦૨૬ સુધી લગાડવવામાં આવશે. જ્યારે ઓખા સ્ટેશનથી આ કોચ તારીખ ૦૬ ફેબ્રુઆરી ૨૦૨૬ થી ૦૧ જૂન ૨૦૨૬ સુધી સંચાલિત રહેશે. ઉક્ત ટ્રેનના સ્ટોપેજ, સંરચના તથા સમયપત્રક સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રીઓ રેલવેની અધિકૃત વેબસાઈટ www. enquiry. indianrail.gov.in પર મુલાકાત લઈ શકે છે.

### કેન્દ્ર સરકાર દ્વારા સ્પેશિયલ સેન્ટ્રલ આસિસ્ટન્ટ હેઠળ રૂ.૨૦૬ કરોડની ગ્રાન્ટ ગુજરાતને મળી

# ફાર્મર રજિસ્ટ્રેશન અંતર્ગત પી.એમ.કિસાન પોર્ટલમાં ખેડૂતોના ૮૮ ટકા રજિસ્ટ્રેશનની કામગીરી પૂર્ણ કરીને ગુજરાત દેશમાં ચોથા ક્રમે :- પ્રવકતા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

ફાર્મર રજિસ્ટ્રેશન અંતર્ગત પી.એમ.કિસાન પોર્ટલની માહિતી આપતા પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ભારત સરકારના ડિજિટલ એગ્રી સ્ટેક પ્રોજેક્ટ હેઠળ ફાર્મર રજિસ્ટ્રેશન પ્રોગ્રામ અંતર્ગત પી.એમ.કિસાનમાં ૮૮% ખેડૂતોના KYC અને જમીનોના લેન્ડ રેકોર્ડ્સ તેમજ રજિસ્ટ્રેશનની કામગીરી રાજ્ય સરકાર દ્વારા પૂર્ણ કરવામાં આવી છે. ફાર્મર રજીસ્ટ્રેશન અંતર્ગત પી.એમ.કિસાન પોર્ટલમાં ખેડૂતોના રજિસ્ટ્રેશનની કામગીરી પૂર્ણ કરીને ગુજરાત દેશમાં ચોથા ક્રમે છે.

વધુમાં પ્રવકતા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં કુલ ૫૯ લાખ લાભાર્થીઓએ ફાર્મર રજીસ્ટ્રી પોર્ટલ ઉપર રજિસ્ટ્રેશન કરાવ્યું છે. જેની નોંધ કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવી છે. જેના પરિણામે ભારત સરકાર દ્વારા સ્પેશિયલ સેન્ટ્રલ આસિસ્ટન્ટ હેઠળ રૂ.૨૦૬ કરોડનું સ્પેશિયલ આસિસ્ટન્ટ તરીકેની નાણાકીય ગ્રાન્ટ રાજ્ય સરકારને પ્રાપ્ત થઈ છે.

- પ્રિન્સ ચાવલા

# ગુજરાત-આસામના યુવાઓ વચ્ચે સાંસ્કૃતિક સેતુઃ ગુજરાત વિધાનસભા ખાતે ‘યુથ ઈમર્સન પ્રોગ્રામ’ યોજાશે

યુવાઓમાં સંસદીય પ્રણાલી પ્રત્યે સમજ વિકસે તથા આંતરરાજ્ય સાંસ્કૃતિક આદાન-પ્રદાનને પ્રોત્સાહન મળે તે હેતુસર ગુજરાત વિધાનસભા ખાતે આગામી સમયમાં ગુજરાત અને આસામના વિદ્યાર્થીઓ વચ્ચે એક વિશેષ અને પ્રેરણાદાયી ‘યુથ ઈમર્સન પ્રોગ્રામ’નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ દ્વારા બંને રાજ્યોના યુવાઓને લોકશાહી વ્યવસ્થા, વિધાનસભાની કાર્યપદ્ધતિ અને વિકાસલક્ષી વિચારવિમર્શ માટે એક મજબૂત મંચ પૂરું પાડવામાં આવશે.

આ મહત્વપૂર્ણ કાર્યક્રમનું ઉદઘાટન ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી, આસામ વિધાનસભાના અધ્યક્ષશ્રી બિશ્વજિત દાઈમારી તેમજ રાજ્યના શિક્ષણ મંત્રીશ્રી ડૉ. પ્રદ્યુમ્ન વાજાની ગરિમામય ઉપસ્થિતિમાં કરવામાં આવશે. કાર્યક્રમ દરમિયાન મહાનુભાવો દ્વારા યુવાઓને માર્ગદર્શન આપવામાં આવશે તેમજ સંસદીય મૂલ્યો અને લોકશાહીની મજબૂતી અંગે પ્રેરણાદાયી સંદેશ આપવામાં આવશે.

આ કાર્યક્રમની પૃષ્ઠભૂમિરૂપે, ગુવાહાટી (આસામ) ખાતે યોજાયેલી ૮મી સી.પી.એ. ઈન્ડિયા રીજિયન કોન્ફરન્સમાં એક મહત્વપૂર્ણ પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો, જેમાં તમામ રાજ્યોને યુવાઓ માટે સંસદીય પ્રણાલી સમજવા અને પરસ્પર વિચાર-વિમર્શ માટે ‘યુથ ઈમર્સન પ્રોગ્રામ’ આયોજિત કરવાની ભલામણ કરવામાં આવી હતી. આ સંદર્ભે આસામ વિધાનસભાના પ્રસ્તાવને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ સહર્ષ સ્વીકારતા આ આયોજન સાકાર બન્યું છે.

કાર્યક્રમમાં આસામની ગૌહાટી યુનિવર્સિટી, બોડોલેન્ડ યુનિવર્સિટી અને કોટન યુનિવર્સિટીના કુલ ૨૪ વિદ્યાર્થીઓ ભાગ લેશે, જેઓ ગુજરાતના અંદાજે ૧૦૦ વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ અને ચર્ચામાં જોડાશે.

કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ ‘વિકસિત સ્ટેટસ, વિકસિત ભારત’ વિષય પર યોજાનારી ગ્રુપ ચર્ચા રહેશે, જેમાં યુવાઓ વિકાસ, શાસન અને યુવા ભૂમિકા અંગે પોતાના વિચારો રજૂ કરશે.

યુવાઓને સંસદીય પ્રક્રિયાની વિગતવાર માહિતી મળે તે હેતુસર ગુજરાત તથા આસામ વિધાનસભાની કાર્યપદ્ધતિ, વિધાન પ્રક્રિયા અને સંસદીય પરંપરાઓ અંગે વિશેષ પ્રેઝન્ટેશન પણ રજૂ કરવામાં આવશે. આ ઉપરાંત આસામથી આવેલા વિદ્યાર્થીઓ ગુજરાતના ઐતિહાસિક, સાંસ્કૃતિક અને વિકાસાત્મક દ્રષ્ટિએ મહત્વના સ્થળોની મુલાકાત લેશે, જેના માધ્યમથી તેઓ ગુજરાતની સંસ્કૃતિ, પરંપરા અને વિકાસયાત્રાથી પરિચિત થશે.

આ ‘યુથ ઈમર્સન પ્રોગ્રામ’ યુવાઓમાં વૈધાનિક પ્રણાલીઓ પ્રત્યે જાગૃતિ લાવવા, લોકશાહીના મૂલ્યોને મજબૂત કરવા તેમજ રાષ્ટ્રીય એકતા અને સંવાદને વધુ સશક્ત બનાવવા માટે એક મહત્વપૂર્ણ પહેલ સાબિત થશે.

### દર વર્ષ કરતા ચાલુ વરસે પાણીના સંગ્રહ માટે તળાવો ઉંડા કરવાની કામગીરી વહેલા કરાશે

# સુજલામ્ સુફલામ્ જળ અભિયાન કામગીરીનો ૨૧ ફેબ્રુ.થી થશે પ્રારંભ: રાજયમાં છેલ્લા ૮ વરસમાં ૧૩૯૯૪ મીલીયન ઘનફુટ પાણીનો સંગ્રહ થયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સુજલામ સુફલામ જળ અભિયાન કામગીરીનો આગામી ૨૧ ફેબ્રુઆરી થી પ્રારંભ થશે. ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં આજે બુધવારે મળેલી કેબિનેટ બેઠક અંગે વિગતો આપતા પ્રવકતા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યુ હતુ કે મુખ્યમંત્રીએ ચાલુ વર્ષે ચોમાસા પહેલા જળ અભિયાનના કામો ઝડપથી પૂર્ણ થાય તે માટે રાજયભરમાં



સુજલામ સુફલામ જળ અભિયાન શરૂ કરવા સુચના આપી હતી. જે અંતર્ગત આ અભિયાન આગામી તારીખ ૨૧ ફેબ્રુઆરી થી શરૂ કરવામાં આવશે.

પ્રવકતા મંત્રીએ વધુમાં કહ્યુ હતુ કે રાજય સરકાર દ્વારા છેલ્લા ૮ વરસથી જળ સંગ્રહની કામગીરી કરવા માટે રાજયના જુદા જુદા વિભાગોના સંકલનથી દર વરસે સુજલામ સુફલામ જળ અભિયાન હાથ ધરવામાં આવે છે. આ અભિયાન અન્વયે વરસાદ વહેલો આવે તો તે પહેલા પાણીનો સંગ્રહ થાય તે માટે તળાવો ઉંડા કરવાની કામગીરીની દર વર્ષ કરતા વહેલી શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત આગામી ૩ માર્ચના રોજ હોળી છે જેથી શ્રમિકો તહેવારને લઈને વતન જતા હોવાથી કામગીરીમાં વિલંબ ન થાય તે માટે પણ આ અભિયાન વહેલા શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૫ સુધી છેલ્લા ૮ વરસમાં અંદાજે ૧૩૯૯૪ મીલીયન ઘનફુટ પાણીનો સંગ્રહ કરવામાં આવ્યો છે. તથા ૨૬૦ લાખ કરતા વધુ માનવદિન થકી શ્રમિકોને રોજગારી આપવામાં આવી છે.

# અરવલ્લી સાયબર ક્રાઈમ પોલીસે નીકોલ અમદાવાદ થી ૨ આરોપી ઝડપ્યા: રૂ.૧.૮૦ કરોડથી વધુના સાયબર ફ્રોડનો ખુલાસો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અરવલ્લી જિલ્લાના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન મોડાસાને એનસીસીઆરપી સમન્વય પોર્ટલ પરથી પ્રાપ્ત થયેલા ડેટાના આધારે મ્યુલ એકાઉન્ટ મારફતે ચાલતા વિશાળ સાયબર ફ્રોડ રેકેટનો પર્દાફાશ કરી મોટી સફળતા મળી છે.

ગેંગ દ્વારા અલગ અલગ મ્યુલ ખાતા ધારકોને લલચાવી તેમના બેંક એકાઉન્ટ મેળવી મળતીયાઓ મારફતે કુલ રૂપીયા ૧,૮૦,૪૪,૭૬૩ કરોડ જેટલી રકમ સાયબર ફ્રોડ દ્વારા ટ્રાન્સફર કરવામાં આવી હોવાની તપાસમાં બહાર આવ્યુ છે. આ કાર્યવાહી નાયબ પોલીસ મહાનિર્દેષક વિરેન્દ્રસિંહ યાદવ, અરવલ્લી એસપી મનોહરસિંહ જાડેજા તેમજ નાયબ પોલીસ અધિક્ષક જે ડી વાઘેલાના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવી હતી. એનસીસીઆરપી ૧૪-સી પોર્ટલ તથા સમન્વય પોર્ટલ પરથી સમગ્ર ભારતની સાયબર ફરીયાદોના



વિશ્લેષણ દરમિયાન ગુજરાત રાજયમાં ટ્રાન્સફર થયેલા શંકાસ્પદ નાણાંની તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના એક ખાતામાં રૂપીયા ૨ હજાર ની પ્રથમ લેવલ નુ ટ્રાન્ઝેકશન બહાર આવ્યુ હતું. જે મ્યુલ એકાઉન્ટ હોવાનુ બહાર આવ્યુ હતું. તપાસ દરમિયાન ખાતાધારક કમલેશભાઈ બેચરભાઈ ખરાડી રહે. રીંટોડા તા.ભિલોડા જી.અરવલ્લી નાઓએ આ એકાઉન્ટ સુભાષ જૈન નામની વ્યકિતને આપ્યુ હોવાનુ બહાર આવ્યુ હતું. વધુ તપાસમાં જાણવા મળ્યુ કે સુભાષ જૈન નામની કોઈ વ્યકિત હકીકતમાં અસ્તિત્વમાં જ નથી પરંતુ તે દિનેશ હરીરામ માળી દ્વારા બનાવેલ ખોટી ઓળખ હોવાનુ બહાર આવ્યુ હતું. હ્યુમન સોર્સ તથા ટેકનીકલ તપાસના આધારે આરોપીઓના રહેઠાણની માહિતી મળતા ગઈ તારીખ ૧ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસની ટીમે બી-૫૦/૦૨ મહેશનગર સોસાયટી,નીકોલ અમદાવાદ ખાતે દરોડો પડયો હતો.

ઘરની તલાસી લેતા સાયબર ફ્રોડમાં ઉપયોગમાં લેવાયેલ વિશાળ જથ્થા સાથે મુદ્દા માલ મળી આવ્યો હતો. જેમાં ડુપ્લીકેટ આધારકાર્ડ-૩, પાનકાર્ડ-૧, એટીએમકાર્ડ-૧૮, મોબાઈલ ફોન-૩૧, સીમકાર્ડ-૪, ચેકબુક ૨૧, પાસબુક-૧, લેપટોપ (ડેલ)-૧, પ્રિન્ટર-૧, પીઓએસ મશીન-૧, રૂપીયા ગણવાનુ મશીન-૧, જીઓ એર ફાઈબર-૧, ચાંદીના બિસ્કીટ-૧૦૦ ગ્રામ -૧ અને ૫૦ ગ્રામ-૧, ભારતીય ચલણી નોટો-૪૯૯૭ કુલ મુદ્દામાલ રૂપીયા ૨૪,૯૫,૦૦૫ કબ્જે લેવામાં આવ્યો હતો. આ કેસમાં ૨ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. જેમાં (૧) સુભાષ જૈન ઉર્ફે દિનેશ હરીરામ માળી (૨) મહેન્દ્રભાઈ મલ્લારામ દેવાસી મુળ રહે. સાંચોર જિ.ઝાલોર, રાજસ્થાન, હાલ રહે. નીકોલ અમદાવાદ નાઓને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપીઓ પાસેથી મળેલ ડીઝીટલ પુરાવાઓના આધારે વધુ તપાસ ચાલુ છે. જેમાં સાયબર ફ્રોડનો આંકડો વધવાની શકયતા છે. આરોપીઓને વધુ પુછપરછ માટે ૭ દિવસના રીમાન્ડ પર લેવામાં આવ્યા છે.

# અર્જુન અને ગબ્બર ઠાકોરને નાત બહાર મુકવાનો નિર્ણય : આ સમાજનો દ્રોહ છે અને એ માટે તેઓ દંડને પાત્ર છે : ગેનીબેન ઠાકોર

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

બનાસકાંઠા જિલ્લાના જાબડીયા ગામે ઠાકોર સમાજની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. જેમાં સમાજના બંધારણના ભંગ મુદ્દે ચાલી રહેલા વિવાદ પર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં સાંસદ ગેનીબેન ઠાકોરે વિડીયો કોલના માધ્યમથી સંબોધન કર્યુ હતું. તેમજ અર્જુન ઠાકોર અને ગબ્બર ઠાકોર સામે કડક શબ્દોમાં પોતાની વાત રજુ કરી હતી.

સાંસદ ગેનીબેને જણાવ્યુ હતુ કે બંધારણનો ભંગ કરીને અર્જુન અને ગબ્બર એવુ સમજે છે કે ૩ જિલ્લાના ઠાકોર સમાજે આ બંધારણ બનાવ્યુ છે. પરંતુ સમાજ દ્વારા ઘડાયેલા નિયમોનુ પાલન કરવુ દરેક ની ફરજ છે, આ સમાજનો દ્રોહ છે અને એ માટે તેઓ દંડને પાત્ર છે, તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ હતુ કે અર્જુન અને ગબ્બર ને સમાજ બહાર મુકવામાં આવશે. તેમની સાથે કોઈ વ્યવહાર




કરવામાં આવશે નહી અને સમાજના આગેવાનો જે નિર્ણય લેશે તે મુજબ અમલ કરવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે સમાજે ખુબ સારૂ અને વિચારપુર્વકનુ બંધારણ બનાવ્યુ હતું. જેમાં ડી જે નો ઉપયોગ ન કરવાનુ સ્પષ્ટ રીતે નકકી કરાયુ હતું. અન્ય સમાજોએ પણ આ નિયમોનુ અનુકરણ કર્યુ હોવા છતાં અર્જુન અને ગબ્બરે નિયમો તોડયા હોવાનુ તેમણે જણાવ્યુ હતું. ગેનીબેને વધુમાં કહયુ ક ગબ્બર અને અર્જુને માત્ર વ્યકિતગત રીતે નહી પરંતુ સમગ્ર સમાજને પણ નુકશાન પહોચાડયુ છે. આ સમાજનો દ્રોહ છે અને એ માટે તેઓ દંડને પાત્ર છે. અર્જુન અને ગબ્બરનો બહિષ્કાર કરવો જોઈએ.

જાબડીયા ગામના ગ્રામજનોને સંબોધતા ગેનીબેને જણાવ્યુ હતુ કે તમારા ગામમાંથી આ ઘટના બની છે તેથી અર્જુન અને ગબ્બર નો બહિષ્કાર કરવો જોઈએ. તેમણે વધુમા કહયુ કે આ બનાવોથી બહેન દિકરીઓની સુરક્ષા, વિદ્યાર્થીઓ અને યુવાનોના પ્રશ્નો ઉભા થાય છે અને આ તમામ બુરાઈઓ દુર કરવા માટે સમાજના બંધારણનુ કડક પાલન જરૂરી છે. ગેનીબેને વધુમાં કહયુ કે સમાજના બંધારણનો દુરુપયોગ કરાયો હોવાથી આ માફીને લાયક નથી. તેમણે સુચન કર્યુ કે અર્જુન અને ગબ્બર ને સમાજ બહાર મુકીને એક વર્ષ બાદ સમાજના અભિપ્રાય આધારે ફરી વિચારણા કરવામાં આવશે. સમાજના આગેવાનોને સંબોધતા ગેનીબેને જણાવ્યુ હતુ કે નિર્ણય એવો કરજો કે સમાજ અને આખી દુનિયા તેને યાદ રાખે. અંતે બેઠકમાં લેવાયેલા નિર્ણય અનુસાર અર્જુન ઠાકોર અને ગબ્બર ઠાકોરને નાત બહાર મુકવાનો નિર્ણય લેવામાં આવ્યો. જેના કારણે સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં આ મુદ્દો ભારે ચર્ચાનો વિષય બની ગયો છે.

### ગુજરાતનો સૌથી મોટો ૩.૩ કિ.મી.લાંબો રન વે : ડીસા એરપોર્ટ ને સીવીલ એરપોર્ટ તરીકે મંજુરી

# બનાસકાંઠા જિલ્લાના ડીસા ને મળશે પ્રથમ સીવીલ એરપોર્ટ: અધ્યક્ષ વાવ થરાદ જિલ્લામાં લાવવાની વાતો કરતા રહ્યા પ્રવીણ માળી એ જશ લઈ લીધો

પ્રતિનિધિ,ગાંધીનગર

બનાસકાંઠા જિલ્લાના વિકાસમાં આજે એક નવુ સુવર્ણ પ્રકરણ ઉમેરાયુ છે. થોડા દિવસ અગાઉ વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી વાવ થરાદ જિલ્લાને થવુ ઈન્ટરનેશનલ એરપોર્ટ મળશે તેવી વાતો કરી રહ્યા હતા. ત્યારે આ વાતોની વચ્ચે પ્રવીણ માળીના મત વિસ્તાર ડીસામાં એરપોર્ટ ને મંજુરી મળી છે.

ઉત્તર ગુજરાતના મુખ્ય વેપારી મથક ગણાતા ડીસા ને પ્રથમ સીવીલ એરપોર્ટ તરીકેની મંજુરી મળી ગઈ છે. આ મંજુરી મળતાની સાથે જ બનાસકાંઠા હવે હવાઈ માર્ગે વિશ્વ સાથે જોડાવવા માટે સજજ બન્યુ છે. ડીસા શહેરથી અંદાજે ૧૮ કિ.મી. દુર આવેલા એરફોર્સ સ્ટેશનમાં જ હવે સીવીલ એરપોર્ટ વિકસાવવામાં આવશે.




આ પ્રોજેકટની ખાસીયત એ છે કે અહીં ભારતીય વાયુ સેના અને સીવીલ એવીએશન (નાગરીક ઉડ્ડયન) બંનેના સંયુકત ઉપયોગ માટે સુવિધાઓ ઉભી કરાશે. આ નિર્ણયથી સંરક્ષણની સાથે સાથે પ્રાદેશિક કનેકિટવીટી ને પણ મોટો વેગ મળશે. ડીસા એરપોર્ટ અનેક બાબતોમાં અનોખુ સાબિત થશે. મળતી માહિતી અનુસાર ૩.૩ કિ.મી. લાંબો રન વે તૈયાર કરવામાં આવશે. જે સમગ્ર ગુજરાતનો સૌથી મોટો રન વે ગણાશે. આ એરપોર્ટ અંદાજે ૪૫૦૦ એકર જેટલા વિશાળ વિસ્તારમાં પથરાયેલુ છે. જે ભવિષ્યના વિસ્તરણ માટે પણ પુરતુ છે.

ડીસામાં સીવીલ એરપોર્ટ ની મંજુરી પાછળ સ્થાનિક ધારાસભ્ય અને રાજય કક્ષાના વન પર્યાવરણ મંત્રી પ્રવીણ માળીનો સિંહ ફાળો રહ્યો છે. તેઓ અનેક બનાસકાંઠા ના અન્ય આગેવાનો લાંબા સમયથી કેન્દ્ર અને રાજય સરકાર સમક્ષ આ અંગે રજુઆતો કરી રહ્યા હતા. આખરે આ લાંબા સમયની માંગણી સંતોષાતા બનાસકાંઠાના વેપારીઓ અને નાગરીકોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. ડીસા એ બટાકાના હબ તરીકે ઓળખાય છે. સીવીલ એરપોર્ટ મળવાથી બનાસકાંઠા જિલ્લાના કુષિ ઉત્પાદનોના એકસપોર્ટ અને વેપાર ઉદ્યોગને નવી પાંખો મળશે. આ ઉપરાંત અંબાજી અને નડાબેટ જેવા પ્રવાસન સ્થળોએ આવતા પ્રવાસીઓ માટે પણ મુસાફરી વધુ સરળ બનશે.

# મહિસાગર જિલ્લા પોલીસે આદિવાસી પુરૂષને નિર્દયતાથી માર માર્યો: મહિલા પીએસઆઈએ સીટ બેલ્ટ જેવા નાના મુદ્દે ઢોર માર માર્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના મહિસાગર જિલ્લામાં સામાન્ય નાની ભુલને લઈ આદિવાસી પુરૂષ ઉપર નિર્દયતાથી માર મારવાને લઈ પોલીસ ઉપર ફીટકાર વરસાવવામાં આવી રહ્યો છે. એક મહિલા પોલીસ અધિકારીએ એક આદિવાસી પુરૂષને નિર્દયતાથી માર માર્યો હતો. સીટ બેલ્ટ જેવા નાના મુદ્દા પર માર મારવામાં આવ્યો હોવાનો આરોપ છે. ઘટનાબાદ મહિસાગર પોલીસ ફરી એકવાર વિવાદમાં આવી છે.

સીટ બેલ્ટ ન પહેરવા જેવા નાના ગુન્હા માટે એક મહિલા પોલીસ અધિકારી પર એક યુવાનને નિર્દયતાથી માર મારવાનો આરોપ છે. ખાનપુર તાલુકાના પાંડરવાડા ગામના



વેપારી મોહનભાઈ પગી પર હુમલો કરવામાં આવ્યો હતો. મોહનભાઈ પર થયેલા હુમલાની તસવીરો વાયરલ થઈ છે. સમગ્ર પ્રદેશ અને આદિવાસી સમુદાયમાં વ્યાપક ગુસ્સો અને તણાવ ફેલાયો છે. આદિવાસી સમુદાયના નેતાઓ મોહનભાઈની ખબર પુછવા માટે તેમની મુલાકાતે ગયા હતા. પરંતુ તેઓ તેમને મળી શકયા ન હતા, એવી આશંકા છે કે પોલીસ દબાણમાં તેમને લઈ ગઈ હશે, બાલાસીનોરમાં ૧૫ વર્ષ ના છોકરાને મહિલા પોલીસ અધિકારી દ્વારા માર મારવાની ઘટનાની શાહી હજુ સુકાઈ નથી ત્યાંજ વધુ એક વિવાદ ઉભો થયો છે. આદિવાસી સમુદાયના નેતાઓએ ન્યાયની માંગ કરી છે અને જો ન્યાય નહી મળે તો હિંસક વિરોધ કરવાની ચેતવણી આપી છે. હુમલાની તસવીરો વાયરલ થયા બાદ પીડીત મોહનભાઈ પગી કયાં છે તે અંગે સવાલો ઉઠી રહ્યા છે. આદિવાસી સમુદાયના નેતાઓ રોડ રસ્તા પર ઉતરી આવ્યા છે અને જો ન્યાય નહી મળે તો આંદોલન શરૂ કરવાની ચીમકી ઉચ્ચારી છે. ખાનપુર તાલુકાના પાંડરવાડા ગામના એક યુવક પર પોલીસ દ્વારા કરવામાં આવેલી કથિત બર્બરતાને કારણે સમગ્ર વિસ્તારમાં તણાવપુર્ણ પરીસ્થિતિ સર્જાઈ છે. આ ઘટનાથી સ્થાનિક રહેવાસીઓ રોષે ભરાયા છે. તેવો સવાલ કરી રહ્યા છે કે શું સીટ બેલ્ટના મુદ્દા પર આવી હિંસા વ્યાજબી છે ? તેઓ કહે છે કે આરોપી પોલીસ કર્મીઓ સામે કાર્યવાહી થવી જોઈએ.

# હવે આંગળીના વેઢે ૧૮ પ્રમાણપત્રો ઘરે બેઠા ઓનલાઈન મળી શકશે: આવકના દાખલા, જાતિના પ્રમાણપત્ર સહિત પ્રમાણપત્રો ઘરે બેઠા મળી જશે

પ્રતિનિધિ,ગાંધીનગર

આજે રાજય સરકારની મળેલી કેબિનેટ બેઠકમાં કેટલાક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં જનહીતને સ્પર્શતો એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. બેઠક બાદ પ્રવકતા મંત્રી જીતુ વાઘાણીએ મીડીયા સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે આગામી તારીખ ૧ એપ્રિલથી આવકનો દાખલો, જાતિ પ્રમાણપત્ર સહિત કુલ ૧૮ પ્રકારના મહત્વપૂર્ણ પ્રમાણપત્રો ઓનલાઈન ઉપલબ્ધ કરાશે. આ નિર્ણયથી રાજયના અંદાજે ૭૦ થી ૮૦ લાખ પરીવારોને સીધો લાભ મળશે. વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે શાળા શરૂ થતા જ વિદ્યાર્થીઓ અને વાલીઓને




આવકનો દાખલો, જાતિ પ્રમાણપત્ર, નિવાસી પ્રમાણપત્ર જેવા અનેક દસ્તાવેજોની જરૂર પડતી હોય છે. અત્યાર સુધી આ દાખલા મેળવવા માટે વાલીઓને સરકારી કચેરીઓમાં લાંબી લાઈનોમાં ઉભા રહેવુ પડતુ હતું. ઘણી વખત એડમીશનની સમય મર્યાદા અને દાખલા મળવાની પ્રક્રિયા વચ્ચે મુશ્કેલી સર્જાતી હતી. જેના કારણે વાલીઓ અને વિદ્યાર્થીઓને ભારે પરેશાનીનો સામનો કરવો પડતો હતો. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રીએ સમગ્ર પ્રક્રિયાને ઓનલાઈન અને ફેસલેસ બનાવવા અધિકારીઓને સ્પષ્ટ સુચનાઓ આપી છે. એના પરીણામે હવે લોકોને અલગ અલગ સરકારી કચેરીઓમાં દોડવુ નહી પડે, અને પારદર્શક તેમજ ઝડપી સેવા મળશે. વધુમાં વાઘાણીએ જણાવ્યુ હતુ કે આ વ્યવસ્થાથી ડીઝીટલ ગવર્નન્સ ને વધુ વેગ મળશે અને સામાન્ય નાગરીકનો સમય તથા ખર્ચ બંને બચશે. વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે વિવિધ સરકારી યોજનાઓના દાખલા અને પ્રમાણપત્રો પણ ૧ એપ્રિલથી ઓનલાઈન મળતા શરૂ થશે, આ સાથે કૃષિ વિભાગ દ્વારા અત્યાર સુધીમાં ૫૯ લાખ થી વધુ લાભાર્થીઓને ફાર્મર રજીસ્ટ્રેશન પુર્ણ કરવામાં આવ્યુ છે. જે રાજય સરકારની સફળ કામગીરી દર્શાવે છે તેવુ પ્રવકતા મંત્રીએ જણાવ્યુ હતું.

# સરકારી સેવામાં કાર્ય પ્રત્યેની વફાદારીથી વેતનની સાથે પ્રતિષ્ઠા પણ મળશે: મંત્રી ઋષીકેશ પટેલ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સરકારી સેવામાં કાર્ય પ્રત્યેની નિષ્ઠા અને વફાદારી રાખવાથી વેતનની સાથે સફળતા તેમજ પ્રતિષ્ઠા પણ મળશે. નોકરી એ માત્ર આર્થિક ઉપાર્જન નથી પણ પુજા છે, ઉર્જા વિભાગના કર્મયોગીઓ વિવિધ આપત્તી સમયે જીવના જોખમે ૨૪ કલાક કામ કરીને જરૂરીયાતવાળા વિસ્તારમાં ઝડપી વિજળી પુનઃ સ્થાપિત કરવાનુ ભગીરથ કામ કરે છે. જે હંમેશા પ્રસંશનીય છે તેવુ આજે ગાંધીનગર ખાતે નવનિયુકત ઉમેદવારોને ઉર્જા પરીવારમાં આવકારતા ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી ઋષીકેશ પટેલે જણાવ્યુ હતું.

ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ મંત્રી ઋષીકેશ પટેલ તેમજ રાજય મંત્રી કૌશિક વેકરીયાની ઉપસ્થિતિમાં આજે ટાઉન હોલ ગાંધીનગર ખાતે ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીક સીટી




કોર્પોરેશન લીમીટેડ (જીએસઈસીએલ) માં ડોકટર, નર્સ, જુનીયર ઈજનેર, પ્લાન્ટ એટેડન્ટ, લેબ ટેસ્ટેટર , જુનીયર આસી., સહિત કુલ ૨૯૨ ઉમેદવારો ને નિમણુંક પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. ઉર્જા મંત્રી ઋષીકેશ પટેલે જણાવ્યુ હતુ કે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી ગુજરાતમાં ૨૪ કલાક વિજળી મળતી થઈ છે. ઉર્જા ઉત્પાદન, વહન અને સ્ટોરેજ ક્ષેત્રે વધુ આત્મનિર્ભર થવાથી ગુજરાતે વર્ષ ૨૦૦૨ થી ૨૦૨૬ દરમિયાન નવી ઉંચાઈઓ સર કરી છે. જેના પરીણામે ગુજરાતમાં રહેણાંક, ખેતી અને ઉદ્યોગોને સતત તેમજ ગુણવત્તાયુકત વિજળી મળી રહી છે. આ સફળતામાં ઉર્જા વિભાગના કર્મયોગીઓનુ પ્રદાન ખુબ જ અગત્યનુ રહ્યુ છે. એટલુ જ નહી આ નવનિયુકત યુવાનોની ભરતીથી ઉર્જા વિભાગને વધુ બળ મળશે.

ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ રાજય મંત્રી કૌશિક વેકરીયાએ નવ નિયુકત ઉમેદવારો જયારે તેમના જીવનની નવી કેડી ને કંડારી રહ્યા છે ત્યારે દિવાળી જેવા દિવસ માટે શુભકામનાઓ પાઠવી હતી. મંત્રીએ વધુમાં કહ્યુ હતુ કે આ ભરતી પરીક્ષામાં સહભાગી થયેલા હજારો યુવાનોમાંથી નવનિયુકત ઉમેદવારોને પરીક્ષા પાસ કરી રાષ્ટ્રની સેવા માટે યોગદાન આપવાની તક મળી છે જે ગૌરવની વાત છે. જીએસઈસીએલ ના મેનેજીંગ ડીરેકટર સોમેશ બંદોપાધ્યાયે નવનિયુકત ઉમેદવારોને ઉર્જા પરીવારમાં આવકારતા કહ્યુ હતુ કે આજે આપણા પરીવારમાં વિવિધ સંવર્ગમાં નવનિયુકત ૧૩૦ જુનીયર ઈજનેરો, ૧૧ ડોકટરો, ૪ નર્સ, ૨ આરસીપીટી, ૯૪ પ્લાન્ટ, એટેડન્સ, ૧૨ લેબ ટેસ્ટર્સ તથા ૩૨ જુનીયર આસી. આમ કુલ ૨૯૨ યુવાનો સેવામાં જોડાવવાથી રાજયના વીજ ઉત્પાદન એકમોમાં કામગીરીની કાર્યક્ષમતામાં વધારો થશે.

# ગુજરાતમાં કેન્સરના કેસોમાં ચિંતાજનક વધારો: છેલ્લા ૪ વર્ષમાં પુરૂષોને સૌથી વધુ મોઢાના કેન્સર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં કેન્સરના કેસોમાં ઝડપી વધારો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને પુરૂષોમાં મોઢાના કેન્સરના કેસોમાં ચિંતાજનક વધારો નોંધાયો છે. છેલ્લા ૪ વર્ષમાં (૨૦૨૨ થી ૨૦૨૫) રાષ્ટ્રીય સ્તરે કેન્સરના કેસોમાં ૧૨.૮ ટકા વધારો થયો છે અને ગુજરાતમાં પણ આવી જ પરીસ્થિતિ જોવા મળે છે, જયાં પુરૂષોમાં તમામ કેન્સરના કેસોમાં ૧૧.૨૮ ટકા કેસો મોઢાના કેન્સરના છે. અમદાવાદમાં મોઢાના કેન્સરના કેસોમાં ખાસ વધારો જોવા મળ્યો છે. અમદાવાદ અર્બન વિસ્તારમાં પુરૂષમાં મોઢાના કેન્સરની વાર્ષિક ઘટના દર ૩૩.૬ પ્રતિ ૧ લાખ વસ્તી છે, જે દેશમાં સૌથી વધુ છે, છેલ્લા બે દાયકામાં ૫૦ વરસથી ઓછી વયના હેડ અને નેક કેન્સરના દર્દીઓનુ પ્રમાણ ૩૬.૫ ટકા થી વધીને ૪૭.૪ ટકા થયુ છે. વધુમાં ૩૦ થી ૩૯ વરસના પુરૂષોમાં આ કેસોનુ પ્રમાણ ૨૦૦૫ માં ૧૨.૩ ટકા થી વધીને ૨૦૨૪ માં ૧૭.૨ ટકા થયુ છે. આ વધારો યુવાન વયમાં કેન્સરના વધતા જોખમને દર્શાવે છે. અમદાવાદમાં મોઢાના કેન્સરના કેસોમાં ખાસ કરીને છેલ્લા કેટલાક વરસોમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. અમદાવાદ અર્બન વિસ્તારમાં પુરૂષોમાં મોઢાના કેન્સરની વાર્ષિક ઘટના દર પ્રતિ ૧ લાખ વસ્તી દીઠ ૩૩.૬ છે.

વિશેષ ચિંતાજનક બાબત એ છે કે ૩૦ થી ૩૯ વરસની વયના પુરૂષોમાં મોઢાના કેન્સરના કેસોમાં પણ સ્પષ્ટ વધારો નોંધાયો છે. ૨૦૦૫ માં આ વયજુથમાં કેસોનુ પ્રમાણ ૧૨.૩ ટકા હતુ જે ૨૦૨૪ માં વધીને ૧૭.૨ ટકા થયુ છે. વિશેષજ્ઞો અનુસાર આ આંકડા યુવાન વયમાં કેન્સરના વધતા જોખમ તરફ સ્પષ્ટ સંકેત આપે છે. જીવનશૈલી, તમાકુ અને ગુટખાનો ઉપયોગ તેમજ અન્ય જોખમી આદતો આ વધારા માટે જવાબદાર હોઈ શકે છે. રાષ્ટ્રીય સ્તરે પુરૂષોમાં મોઢા અને જીભ ના કેન્સરના કેસોમાં ૧૯૯૦ થી ૨૦૧૯ સુધીમાં નોંધપાત્ર વધારો થયો છે. જેમાં વાર્ષિક વૃધ્ધિ દર (એપીસી ૦.૭૧ ટકા થી વધી ૨.૬૫ ટકા વચ્ચે છે) ગુજરાતમાં પુરૂષોમાં લીપ અને ઓરલ કેન્સરના અંદાજીત કેસો ૨૦૨૬ માં ૩,૮૩૭ છે. જે ૨૦૩૧ માં ૪૩૦૨ અને ૨૦૩૬ માં ૪૭૬૧ થવાનો અંદાજ છે. આમાંથી ૨૦૨૬ થી ૨૦૩૬ સુધીમાં ૨૪.૧ ટકા વધારો થશે તેવી સંભાવના છે.

આ વધારાના મુખ્ય કારણોમાં તમાકુનુ સેવન, ગુટખા, માવા અને સોપારી જેવા ઉત્પાદનોનો વપરાશ, તેમજ આલ્કોહોલનુ સેવન છે, ભારતમાં મોઢાના કેન્સરના ૮૦ ટકા કેસો તમાકુ સાથે સંબંધીત છે અને તાજેતરના અભ્યાસમાં જાણવા મળ્યુ કે આલ્કોહોલ અને તમાકુના સંયુકત વપરાશથી મોઢાના કેન્સરના ૬૨ ટકા કેસો થયા છે. ગુજરાત કેન્સર રીસર્ચ ઈન્સ્ટિટયુટ (જીસીઆરઆઈ) ના ડીરેકટર ડો. શશાંક પંડયા એ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે તમાકુ અને ધુમ્રપાન કેન્સરના મુખ્ય કારણો છે અને યુવાનોમાં વધતી જાગૃતિને કારણે વધુ કેસો નોંધાઈ રહ્યા છે. જો કે અમદાવાદમાં મોઢાના કેન્સરના દર્દીઓના સર્વાઈલ રેટ દેશમાં સૌથી વધુ છે. જે પુરૂષોમાં ૫૯.૩ ટકા છે,

સરકાર અને આરોગ્ય સંસ્થાઓ તમાકુ વિરોધી અભિયાનો ચલાવી રહી છે, પરંતુ વધુ જાગૃતિ અને પ્રારંભિક તપાસની જરૂર છે. વિશેષજ્ઞો કહે છે કે પ્રારંભિક તબકકે શોધાય તો સર્વાઈલ રેટ ૭૦ થી ૯૦ ટકા વધી શકે છે. ગુજરાતીઓને તમાકુ અને આલ્કોહોલથી દુર રહેવાની અપીલ કરવામાં આવે છે.